

# તમારા વિના સાંજ ડૂસકે ચડી છે

મૂર્ધન્ય સાહિત્યકાર ભગવતીકુમાર શર્માના
૮૬ માં જન્મદિન નિમિત્તે તેમની પંક્તિઓ
પર આધારિત તરહી મુશાયરો ઈ-પુસ્તક રૂપે

આયોજન:

## રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત



# તમારા વિના સાંજ ડૂસકે ચડી છે

સંપાદન

શુભ સાહિત્ય

ચંદન ઘર, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત

99099 21100 shubhsahitya13@gmail.com

# સંપાદકીય

મૂર્ધન્ય સાહિત્યકાર-પત્રકાર ભગવતીકુમાર શર્માના વિરાટ કાર્યથી આપણે અજાણ નથી. સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે તેમનાં અનન્ય પ્રદાનને કદી ભૂલી નહીં શકાય. સાહિત્ય ક્ષેત્રે તેમણે તમામ પ્રકારોમાં ઉત્કૃષ્ઠ સર્જન કાર્ય કરીને ગુજરાતી ભાષાની ગરીમા વધારી છે. તેમનાં ઉત્તમ ગઝલ સર્જન સાથે નવી પેઢીના કવિમિત્રોને જોડવાના શુભ આશયથી રાષ્ટ્રીય કલા કેન્દ્રએ ભગવતીકુમારના ૮૬માં જન્મદિને 'તરહી મુશાયરા'નું આયોજન યોગ્ય રીતે જ કર્યું છે.

કોરોના કાળમાં બધું જ બદલાયું છે, તેમ આ 'તરહી મુશાયરો' પણ 'ઈ-મુશાયરો' બન્યો અને રાજ્યભરના કવિમિત્રોએ તેમાં ભાગ લીધો. શુભ સાહિત્ય દ્વારા થોડાં જ કલાકોમાં તેનું 'ઈ-પુસ્તક' બનાવીને કવિશ્રીના જન્મ દિનની સાંજે યોજાયેલાં વેબિનારમાં તમારા વિના સાંજ ડૂસકે ચડી છે ઈ-પુસ્તક રૂપે રજુ કરતાં શુભ સાહિત્યને પણ આનંદ થાય છે.

રાષ્ટ્રીય કલા કેન્દ્રના ઈ-મુશાયરામાં ભાગ લેનારા તમામ કવિમિત્રોને અમે ધન્યવાદ આપીએ છીએ અને અમને તેની સાથે રહેવાની તક આપવા બદલ આભારી છીએ.

દીપક નાયક – નરેશ કાપડીઆ

**શુભ સાહિત્ય**

# રાષ્ટ્રીય કલા કેન્દ્ર

## યોજીત 'ઈ તરહી મુશાયરો'

## તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે

રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્માના ૮૬માં જન્મદિને ૩૧ મે, ૨૦૨૦ના રોજ ઈ-તરહી મુશાયરો 'તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે' નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તરહી મુશાયરામાં ૭૦થી વધુ કવિઓએ પોતાની ૧૦૩ જેટલી કાવ્ય રચનાઓ મોકલી હતી. એમાં અડધાથી વધુ કાવ્યો સુરતની બહારના ગુજરાત-મુંબઈના કવિમિત્રોના છે. આ પ્રસંગે આટલી મોટી સંખ્યામાં કવિમિત્રોએ ભગવતીકુમારને યાદ કરીને કાવ્ય સર્જન કર્યું અને તેનું સંકલન કરીને આ ઈ-બુક બનાવવામાં આવી છે. જેનો લાભ સાહિત્યકારો અને સાહિત્યરસિક જનતા લઈ શકશે એવી આશા છે.

જ્યારે તરહી ગઝલ સંગ્રહનું ઈ પુસ્તક બનાવવાનું આયોજન કર્યું ત્યારે સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે તેના ઈ-પુસ્તકના વિમોચનનો કાર્યક્રમ પણ ડીજીટલ મીડીયા દ્વારા કરી શકીશું. રાષ્ટ્રીય કલા કેન્દ્રએ પહેલીવાર વેબીનાર દ્વારા શ્રી ભગવતીકુમાર શર્માની પંક્તિઓ પર આધારિત તરહી ગઝલ સંગ્રહના ઈ-પુસ્તકનું વિમોચન કર્યું અને ડીજીટલ ગઝલ ગોષ્ઠીનું આયોજન કર્યું.

આ પ્રસંગે સંસ્થાના કલાકારો અને સાહિત્યકારો દ્વારા શ્રી ભગવતીકુમારની ગઝલનું પઠન થયું. મહામંત્રી રૂપીન પચ્ચીગરે ભગવતીભાઈનો વિસ્તૃત પરિચય આપ્યો અને ઈ-પુસ્તકનું વિમોચન કરાવ્યું.

આ ઈ-ગઝલ ગોષ્ઠીનું સફળ સંચાલન શ્રી નરેશ કાપડીઆએ કર્યું. એ ઈ-ગોષ્ઠીમાં સર્વશ્રી નૈનાક્ષીબેન વૈદ્ય, રૂપીન પચ્ચીગર, મેહુલ શર્મા, કિરણસિંહ ચૌહાણ, ગૌરાંગ ઠાકર, યામિની વ્યાસ, ભરત ભાવસાર, દિલીપ ઘાસવાળા, મયંક ત્રિવેદી, પૂર્ણિમા ભટ્ટ, રીના મહેતા અને નરેશ કાપડીઆએ ભગવતીકુમારની ગઝલોનું સરસ પઠન કર્યું.



વેબિનારના અયોજન માટે SVNIT AA Surat Chapter & ICEA Surat ના શ્રી અક્ષયભાઈ પચ્ચીગર અને શ્રી નિલેશભાઈ શાહનો સહકાર પ્રાપ્ત થયો એ બદલ એમનો અંતઃકરણપૂર્વક આભાર.

મિત્રો, રાષ્ટ્રીય કલા કેન્દ્ર માટે અનહદ આનંદની ઘડી છે કે સાહિત્ય જગતના ઈતિહાસમાં કદાચ પહેલીવાર કોઈ નામી ગઝલકારની પંક્તિ પરથી ૧૦૩ તરહી ગઝલ લખાઈ હોય અને એનું દળદાર ઈ પુસ્તક બન્યું હોય.

આ તબક્કે કાર્યક્રમની અદ્વિતિય સફળતા માટે હું રાષ્ટ્રીય કલા કેન્દ્રની કારોબારીના તમામ સભ્યો અને સવિશેષ શ્રી હેમંતભાઈ માવાવાળાનો પણ આભાર માનું છું

'તરહી મુશાયરા'ના આ કાર્યક્રમના આયોજન અને ઈ-બુકના પ્રકાશન માટે અમો શુભ સાહિત્યના શ્રી દીપક નાયક અને નરેશ કાપડીઆ, કવિશ્રી ગૌરાંગ ઠાકર અને ભગવતીકુમારના દીકરી રીના મહેતાના આભારી છીએ.

અમારી સંસ્થાની સાહિત્ય સમિતિ, યામિની વ્યાસના કન્વીનર પદે ઘણાં વર્ષોથી કવિ સંમેલનો અને સાહિત્યના કાર્યક્રમો કરતી આવી છે. એમાં પૂર્ણિમા ભટ્ટનો સહકાર પણ હરહંમેશ પ્રાપ્ત થતો રહ્યો છે. જેની સંસ્થા નોંધ લે છે.

આશા રાખુ છુ કે આ ઈ-પુસ્તક આપને ગમશે.

**રૂપીન પચ્ચીગર**

મહામંત્રી

**સુરત, ૩૧ મે, ૨૦૨૦**



# તમારા વિના સાંજ ડૂસકે ચડી છે

મૂર્ધન્ય સાહિત્યકાર ભગવતીકુમાર શર્માના
૮૬ માં જન્મદિન નિમિત્તે તેમની પંક્તિઓ
પર આધારિત તરહી મુશાયરો

આયોજન:
રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત
રવિવાર, તા. ૩૧ મે, ૨૦૨૦

# તમારા વિના સાંજ ડૂસકે ચડી છે

## કવિશ્રી ભગવતીકુમાર શર્માની પંક્તિઓ પર

## તરહી મુશાયરો

કવિશ્રી ભગવતીકુમાર શર્માની ૮૬મી જન્મજયંતિ નિમિત્તે
રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત આયોજિત
તરહી મુશાયરાની પંક્તિઓ

### 1) તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે

છંદ: લગાગા/ લગાગા/લગાગા/લગાગા
કાફિયા: ડૂસ્કે, ભીંતે, તડકે, હોઠે,
રદીફ: ચઢી છે.

### 2) છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ

છંદ: ગાલગાગા/ ગાલગાગા/ ગાલગાગા/ગાલગા
કાફિયા: ઉકળવું, પલળવું, મળવું, ઢળવું ...
રદીફ: જોઈએ

# તમારા વિના સાંજ ડૂસકે ચડી છે

## કવિશ્રી ભગવતીકુમાર શર્માની પંક્તિઓ પર

## તરહી મુશાયરો

### 3) બારણું ડૂસકાં ભરે વરસાદમાં

છંદ: ગાલગાગા/ગાલગાગા/ગાલગા
કાફિયા: ભરે, ખરે, તરવરે, ઘરે, સાંભરે, પાંગરે,
રદીફ: વરસાદમાં

### 4) તમારા બધાનાં દિલાસાથી થાક્યો

છંદ: લગાગા/લગાગા/ લગાગા/લગાગા
કાફિયા: દિલાસા, ખુલાસા, પુરાવા, કિનારા, સુધારા,
વધારા, મોજા, અજંપા..
રદીફ : થી થાક્યો

### 5) છે લાગણીની વાત તો રકઝક નહીં કરું

છંદ: ગાગાલ/ ગાલગાલ/ લગાગાલ/ગાલગા
કાફિયા: રકઝક, નાહક, તક, છક, હસ્તક, બેશક
રદીફ: નહીં કરું

# ૧.

ઉદાસી આ સૂરજની આંખે ચઢી છે,
**તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે.**

મને ઉંબરે એકલો છોડી દઈને,
હવે ખુદ પ્રતિક્ષા ઝરૂખે ચઢી છે.

અનુભવ છે દરિયાના તોફાનનો પણ,
આ રેતીમાં નૌકા ખરાબે ચઢી છે.

લખ્યું'તું તમે નામ મારું કદી જ્યાં,
મધુમાલતી એ જ ભીંતે ચઢી છે.

ઝરી જાય જળ, કે મળે જળસમાધિ,
જુઓ, પાંપણો કુવાકાંઠે ચઢી છે.

ઘણા રૂપ લૈ લૈ ને જન્મે છે સીતા,
હવે લાગણી પણ ચિતા એ ચઢી છે.

જરા ગણગણી લૌં તમારી સભામાં,
ભુલાયેલ પંક્તિઓ હોઠે ચઢી છે.

*ભગવતીકુમાર શર્મા*

# ૨.

પામવું જો હોય ચોમાસું, પલળવું જોઈએ;
છાપરું, છત કે નયન થઈનેય ગળવું જોઈએ.

એ શરત છે કે પહેલાં તો પ્રજળવું જોઈએ;
તે પછી લેખણથી શબ્દોએ ‘પીગળવું’ જોઈએ.

સૂર્યની માફક ઊગ્યા છો તે ઘણું સારું થયું;
સૂર્યને માફક સમયસર કિન્તુ ઢળવું જોઈએ;

માત્ર શોભા પૂરતા અસ્તિત્વનો શો અર્થ છે?
પુષ્પ છો તો શ્વાસ છોડીને પીગળવું જોઈએ.

છે ઘણી રેખા વિરહની હાથમાં એ છે કબૂલ ;
પણ નવી રેખાઓ ચીરીનેય મળવું જોઈએ.

માત્ર શબવત જિંદગી જીવી ગયાનો અર્થ શો ?
છે રગોમાં લોહી તો લોહી ઊકળવું જોઈએ.

આવી પહોંચ્યું છે જળાશય આંખનું ; હું જાઉં છું;
ને તમારે પણ અહીંથી પાછા વળવું જોઈએ.

*ભગવતીકુમાર શર્મા*

# 3.

યાદ આછી ફરફરે વરસાદમાં,
આંખ ઝીણું ઝરમરે વરસાદમાં.

બારીની જળમાં થઈ કાલાપલટ,
**બારણું ડૂસકાં ભરે વરસાદમાં.**

કેટલી વ્યાકુળ તરસની છે તરસ !
કૂવાથાળે કરગરે વરસાદમાં.

મિટ્ટીની ખુશ્બુને પૂરી પામવા,
આભ હેઠું ઊતરે વરસાદમાં.

મોરના ટહુકા ને સણકા છાતીના;
કોણ, ક્યાં ક્યાં વિસ્તરે વરસાદમાં !

પાતળો કાગળ લઈ આકાશનો;
કોઇ હોડી ચીતરે વરસાદમાં.

આંખ ને નભ સર્વ એકાકાર છે;
કોણ આવે ખરખરે વરસાદમાં.

*ભગવતીકુમાર શર્મા*

# ૪.

આ કારણ-અકારણ અજંપાથી થાક્યો;
હું કાંઠો છું, મોજાંથી મોજાંથી થાક્યો.

ન દેખાય છે ડુગડુગી કે ન ચાબુક;
અગોચર, અનાહત તમાશાથી થાક્યો.

બુલેટોની ફૂટતી નથી ધણધણાટી;
નિરંતર તકાતા તમંચાથી થાક્યો.

ન છૂટી શકાતું, ન બંધાયલો છું;
હું શ્વાસોના કાયમ સકંજાથી થાક્યો.

સજાની હવે કેટલી રાહ જોવી ?
દલીલો-તહોમત-પુરાવાથી થાક્યો.

ક્ષમા તો કરી દીધી છે ક્યારની મેં;
છતાં મોકલાતા ખુલાસાથી થાક્યો.

મુબારક મને મારાં આંસુ અટૂલાં;
**તમારા બધાંના દિલાસાથી થાક્યો.**

*ભગવતીકુમાર શર્મા*

# ૫.

છે લાગણીની વાત તો રકઝક નહીં કરું,
હકદાવો તારી સામે હું નાહક નહીં કરું.

શત્રુ જો હોય સામે તો શંકા થઈ શકે,
મિત્રોનો મામલો છે તો હું શક નહીં કરું.

મોઘમમાં જીવવાની મજા હોય છે છતાં,
જો વ્યક્ત થઈ શકું તો જતી તક નહીં કરું.

છે તારી મુન્સફી જુદી, મારો નિયમ અલગ,
મારા વચનનો ભંગ હું બેશક નહીં કરું.

દીવાની જેમ ધીમે ધીમે હું બુઝાઈ જઈશ,
અણધારી લઈ વિદાય તને છક નહીં કરું.

ખુશ્બુ સ્મરણની એ જ તો છે મારી સંપદા,
છેવટ સુધીય ઓછી આ સિલ્લક નહીં કરું.

એ પુણ્ય હો કે પાપ, હું પોતે બધું કરીશ,
સારું કે ખોટું કોઈના હસ્તક નહીં કરું.

*ભગવતીકુમાર શર્મા*

# અનુક્રમ


૧ અલ્પા વસા ૧૮
૨ અમર કઠવાડીયા ૧૯
૩ અનિલ ભાવસાર ૨૦
૪ અનિલ ભાવસાર ૨૧
૫ અંજના ભાવસાર ૨૨
૬ અંશ ખીમતવી ૨૩
૭ અશોક લાલવાની ૨૪
૮ બકુલેશ દેસાઈ ૨૫
૯ ભાવેશ જેતપુરિયા ૨૬
૧૦ ચેતના ગણાત્રા ૨૭
૧૧ ચિરાગ પાધ્યા ૨૮
૧૨ દેવર્ષિ વ્યાસ ૨૯
૧૩ દેવર્ષિ વ્યાસ ૩૦
૧૪ દેવીબેન વ્યાસ ૩૧
૧૫ દેવીબેન વ્યાસ ૩૨
૧૬ દેવીબેન વ્યાસ ૩૩
૧૭ દેવીબેન વ્યાસ ૩૪
૧૮ દેવીબેન વ્યાસ ૩૫
૧૯ ધાર્મિક પરમાર ૩૬
૨૦ ધ્વનિલ પારેખ ૩૭
૨૧ દિલીપ ચાવડા ૩૮
૨૨ દિલીપ ઘાસવાલા ૩૯
૨૩ દિલીપ ઘાસવાલા ૪૦
૨૪ દિલીપ સોલંકી ૪૧
૨૫ ગીરીશ ચૌહાણ ૪૨
૨૬ હેમા ઠક્કર ૪૩
૨૭ હેમંત મદ્રાસી ૪૪
૨૮ હેમંત મદ્રાસી ૪૫
૨૯ હેમંત પટેલ ૪૬
૩૦ હિમાની શાહ ૪૭
૩૧ ડૉ. હિમાંશુ પટેલ ૪૮
૩૨ હીના પંડ્યા ૪૯
૩૩ હિતેશ પટેલ ૫૦
૩૪ ઈશ્વર ચૌધરી ૫૧
૩૫ જય દિક્ષીત ૫૨
૩૬ જીગીષા ચૌધરી ૫૩
૩૭ જીજ્ઞાસા ઓઝા ૫૪
૩૮ જીજ્ઞાસા ઓઝા ૫૫
૩૯ જીજ્ઞાસા ઓઝા ૫૬

| | | | |
|---|---|---|---|
| ૪૦ જીજ્ઞાસા ઓઝા | ૫૭ | ૬૦ નરેન્દ્ર રાઠોડ | ૭૭ |
| ૪૧ જીજ્ઞાસા ઓઝા | ૫૮ | ૬૧ નીતેશ ટાંક | ૭૮ |
| ૪૨ જીગ્નેશ ત્રિવેદી | ૫૯ | ૬૨ નીતિન મહેતા | ૭૯ |
| ૪૩ જીતેન્દ્ર ભાવસાર | ૬૦ | ૬૩ નૂતન કોઠારી | ૮૦ |
| ૪૪ કાજલ શાહ | ૬૧ | ૬૪ પરબત નાઈ | ૮૧ |
| ૪૫ કાસિમ શેખ | ૬૨ | ૬૫ પરબત નાઈ | ૮૨ |
| ૪૬ લીના પટેલ | ૬૩ | ૬૬ પાયલ ઉનડકટ | ૮૩ |
| ૪૭ લીલાબેન પટેલ | ૬૪ | ૬૭ પાયલ ઉનડકટ | ૮૪ |
| ૪૮ મહેન્દ્રસિંહ પઢીયાર | ૬૫ | ૬૮ પીયૂષ ભટ્ટ | ૮૫ |
| ૪૯ મહેન્દ્રસિંહ પઢીયાર | ૬૬ | ૬૯ પીયૂષ ભટ્ટ | ૮૬ |
| ૫૦ મહેશ | ૬૭ | ૭૦ પ્રજ્ઞા વશી | ૮૭ |
| ૫૧ મનોજ પંચાલ | ૬૮ | ૭૧ પ્રમોદ આહિરે | ૮૮ |
| ૫૨ મંથન ડીસાકર | ૬૯ | ૭૨ પ્રમોદ આહિરે | ૮૯ |
| ૫૩ મયુર કોલડીયા | ૭૦ | ૭૩ પ્રશાંત સોમાણી | ૯૦ |
| ૫૪ મેહુલ ત્રિવેદી | ૭૧ | ૭૪ પ્રતિક પટેલ | ૯૧ |
| ૫૫ મિહિર પટેલ | ૭૨ | ૭૫ પૂર્ણિમા ભટ્ટ | ૯૨ |
| ૫૬ ડૉ. મિલિન્દ પારેખ | ૭૩ | ૭૬ પૂર્ણિમા ભટ્ટ | ૯૩ |
| ૫૭ ડૉ. મિલિન્દ પારેખ | ૭૪ | ૭૭ સીએ રાજ અસ્તી | ૯૪ |
| ૫૮ મોતીજી ઠાકોર | ૭૫ | ૭૮ સીએ રાજ અસ્તી | ૯૫ |
| ૫૯ મોતીજી ઠાકોર | ૭૬ | ૭૯ રાજેશ હિંગુ | ૯૬ |

૮૦ રવીન્દ્ર પારેખ ૯૭
૮૧ રવીન્દ્ર પારેખ ૯૮
૮૨ સાગર રામોલીયા ૯૯
૮૩ સંદીપ પટેલ ૧૦૦
૮૪ સંગીતા ચૌહાણ ૧૦૧
૮૫ સંગીતા ચૌહાણ ૧૦૨
૮૬ સંજય બોસમિયા ૧૦૩
૮૭ સપન પાઠક ૧૦૪
૮૮ ડૉ. સેજલ દેસાઈ ૧૦૫
૮૯ શરદ ત્રિવેદી ૧૦૬

૯૦ શરદ ત્રિવેદી ૧૦૭
૯૧ શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર ૧૦૮
૯૨ શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર ૧૦૯
૯૩ શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર ૧૧૦
૯૪ શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર ૧૧૧
૯૫ શિલ્પા શેઠ ૧૧૨
૯૬ શોભના કાકડિયા ૧૧૩
૯૭ સુષમ પોળ ૧૧૪
૯૮ તનસુખ શાહ ૧૧૫
૯૯ ઉમેશ તામસે ૧૧૬
૧૦૦ ઉર્વી પંચાલ ૧૧૭
૧૦૧ વિનોદ માણેક ૧૧૮
૧૦૨ વિરલ તપસ્વી ૧૧૯
૧૦૩ યોગેશ ટેલર ૧૨૦

જવાની છે, ચ્હેકીને માથે ચઢી છે.
લતાઓ મલકતી વસંતે ચઢી છે.

જુઓ, શર્મની ગાલે લાલી હતી એ,
થઈ કંકુવર્ણી ને સેંથે ચઢી છે.

જરા શાંતિથી સાંભળો તો કહું હું,
હતી હૈયે જે વાત, હોઠે ચઢી છે.

હતો સંગ આખી બપોરે ઉભયનો,
તમારા વિના સાંજ ડૂસ્કે ચઢી છે*.

કે પકડ્યો હતો હાથ લઈ હાથમાં જ્યાં,
પછી એમ ખાલી એ હાથે ચઢી છે.

વચન દઈને પાળી બતાવો તો માનું,
પ્રણયની પરીક્ષા પ્રવાસે ચઢી છે.

અલ્પા વસા – કાવ્યાલ્પ
૯૮૧૯૦ ૧૯૦૫૧

તમારા બધાના દિલાસાથી થાક્યો,*
ને કિંમત વગરના ખજાનાથી થાક્યો,

નકામા બધા આ બહાનાથી થાક્યો,
સફળતાનાં ખોટા ધખારાથી થાક્યો,

પ્રણય ક્યાં કદી કો પુરાવો છે માંગે?
સતત છે કર્યા એ ખુલાસાથી થાક્યો,

તમારો કશો દોષ જોયો નથી મેં,
તમારા નહીં પણ અમારાથી થાક્યો,

ખલાસી હવે નાવ મઝધારમાં લે,
સમંદર નહીં પણ કિનારાથી થાક્યો,

"અમર" આ ગઝલ ભાવનાથી ભરેલી,
કલાના વિરોધી જમાનાથી થાક્યો,

અમર સુનિલ કઠવાડિયા, વડોદરા
વતન :- ધ્રોલ, જામનગર4291 90315

શ્યામ મેઘ આવ્યા ગયા વાયરામાં તણાઈ ગયા,
તોયે તારી કને વરસાદની માંગણી નહીં કરું.

વિવિધ ફુલોના ગુચ્છાથી છો ને ભરેલો બાગબાન હોય,
ગુલાબની એક પંખુડીની આશ તારી પાસે નહિ કરું.

ભલે વહેતી નદી ભલે વેહતા ઝરણાઓ,
એક બુંદ પાણીની વાંછા તારી પાસે નહીં કરું.

તું તો છે હઝાર હાથ વાળો તને શું ખોટ વ્યક્તિ વિશેષની,
હું એક પામર માનવી તોયે તારી પાસે યાચના નહીં કરું.

વાત તો છે તારા ને મારા મનની
છે જો લાગણીની વાત તો રકઝક નહીં કરું,*

અનિલ ભાવસાર "યોદ્ધા"
નવસારી, ૯૮૨૫૧ ૧૧૨૯૯

વૈશાખી બપોરની કાળઝાળ ગરમીના આસ્વાદમાં;
બારણાંની લાલી લિપસ્ટિક થયી વિષાદમાં.

જેઠની ભર તપતી ધરા અને એની ઉડેલી ધૂળ;
અથડાય બંધ બારણાંના નકૂચા બારસાખ અને ઉમરામાં.

વા વાયોને વાદળ છાયા અલગ જ ફરક પડ્યો હવામાનમાં;
બે ચાર વરસાદી બિંદુઓની બારણું પ્રતીક્ષા કરે આ તાપમાં.

જેવા મેઘના વાદળ છાયા ને ઝરમર અમૃત બિંદુઓ આયા;
રાગ મલ્હાર શું ગાયો કુદરતે ખુશીના મારે
બારણું ડૂસકાં ભરે વરસાદમાં.*

અનિલ ભાવસાર "યોદ્ધા"
નવસારી – 9825111299

જીદ સૂરજ આંબવાની છે તો બળવું જોઈએ,
આવે જો અવરોધ આડે, પ્રેમે મળવું જોઈએ.

અંધકાર આવે ઉદાસીનો તો એ પણ દૂર થાય,
જ્યોત થઈને સ્મિત હોઠો પર પ્રજળવું જોઈએ.

હોત સમથળ રોકી રાખત, પણ વિચારો ગોળ છે,
એ ઢળે તારા ભણી, એને ન ઢળવું જોઈએ.

જંગને જો જીતવી હો, શસ્ત્ર કેવળ કાફી છે?
છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ.*

હોય ના સંવેદના એમાં તો એ શું કામનું?
વેદના બીજાની જોઈ મન પીગળવું જોઈએ.

અંજના ભાવસાર 'અંજુ'
મુંબઈ – ૯૩૨૧૨ ૨૧૧૩૫

બારણું ડૂસ્કા ભરે વરસાદમાં,*
ભીને આંખે તરવરે  વરસાદમાં.

આખરે હું દર્દ રોકી ના શક્યો ,
આંસુઓ ઝરમર વરે વરસાદમાં !

કોઈ તરસું પ્રાણ ગુમાવે  કદી,
તો કોઈ  ડૂબી મરે વરસાદમાં !

એથી હું કયારેય ભીંજાતો નથી ,
એ સફરમાં ક્યાં ફરે વરસાદમાં !

છત્રી જાણી જોઈને ભૂલતાં હતાં,
યાદ લથબથ સાંભરે વરસાદમાં.

અંશ ખીમતવી
મુ પોસ્ટ ખીમત,  તા, ધાનેરા,
બનાસકાંઠા, 96243 99950

ઝાંઝવું છે છો હૃદયમાં પણ પીગળવું જોઈએ.
હોય ના વરસાદ તો તડકે પલળવું જોઈએ.

હાથને તું કર હલેસા વ્હેણ સામું હોય તો,
પથ્થરે કૂંપળ બની ફૂટી નીકળવું જોઈએ.

બાગને ચૂંથી પછી માળી ફરે ગુમાનમાં,
છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ.*

જિંદગીના રંગમંચે, જાતને પૂરવાર કર,
સ્મિત આપી દર્દને આબાદ છળવું જોઈએ.

પાંપણોની બારસાખે આંસુનું તોરણ બને,
છે હરખ કે દર્દ છે તારે એ કળવું જોઈએ.

છે પધારી આશ લઈ તારા હૃદયના આંગણે,
દર્દ સાથે હેત પૂર્વક હળવું મળવું જોઈએ.

ભાલ પર ચુંબન પ્રણયનું તો બને સિંદૂર છે,
ટેરવાના સ્પર્શમાં ગુલાલ ભળવું જોઈએ.

અશોક આઈ. લાલવાણી ‘આશુ’
સુરત - 81418 49503

એકલો જણ શું કરે વરસાદમાં ?
ક્યાં સુધી ધીરજ ધરે વરસાદમાં ?

એકલો જણ શું કરે વરસાદમાં?
થોભ થોડું :કરગરે વરસાદમાં

એકલો જણ શું  કરે વરસાદમાં ?
શબ્દ થોડા ઝરમરે વરસાદમાં.

એકલો જણ શું કરે વરસાદમાં ?
બારણું ડૂસકાં ભરે વરસાદમાં *

એકલો જણ શું કરે વરસાદમાં ?
જે ગુમાવ્યું તે સ્મરે વરસાદમાં !

એકલો જણ શું કરે વરસાદમાં ?
શુ કરે બોલો, મરે વરસાદમાં ?!

એકલો જણ શું કરે  વરસાદમાં ?
સ્હેજ હરફરથી ડરે વરસાદમાં.

*બકુલેશ દેસાઈ*
*સુરત - ૭૪૩૩૦ ૫૩૯૮૦*

તમારાં બધાનાં દિલસાથી થાક્યો.
ચણાતા ઉચેરા મિનારાથી થાક્યો

મળે ડાળ કલ્પતરુ જાસાથી થાક્યો.
રમત એક પોબાર પાસાથી થાક્યો.

બબૂચક રમત છે તંબૂ ગઝલમાં,
કરે જે લઘુગુરૂ વિવાદોથી થાક્યો.

અને હોય એની નજરમાં સિંહાસન,
ચરણ પૂજવાની આશાથી થાક્યો.

નગર આ તમારું નથી કે અમારું
વગાડી રહે ઢોલ ત્રાસાથી થાક્યો.

ખબર પણ નથી ને ખબર કાઢવાની,
અપેક્ષી રહેલી એ ભાષાથી થાક્યો.

ડૉ. ભાવેશ જેતપરિયા
મોરબી - ૯૮૭૯૮ ૩૫૭૧૭

સ્મરણના ઉછળતા હું મોજાથી થાક્યો
મને રોજ છળતા કિનારાથી થાક્યો.

હું છું કોણ ભૂલી ગયો છું સદંતર!
મહોરાની માથે મહોરાથી થાક્યો.

સવાલો સરળ છે જવાબો છે મોઘમ,
હવે તારા પોકળ ખુલાસાથી થાક્યો.

હવે શ્વાસ ચાલે, ફકત નામ ખાતર,
હૃદયના ધબકતા અજંપાથી થાક્યો.

હૃદય મારું જાણી ગયું છે હકીકત,
તમારા બધાના દિલાસાથી થાક્યો.*

ચેતના ગણાત્રા "ચેતુ"
મુંબઈ – 91672 61361

કેમ તું ભીંજયા કરે વરસાદમાં ?
પ્રેમ નાહક પાંગરે વરસાદમાં.

ક્યાંક લે આકાર ભીતર કલ્પના,
સ્વપ્ન થઈ હોડી તરે વરસાદમાં.

દેહ તો ભીંજાઈ ગ્યો નખશીખ પણ,
મનડું કોરુંકટ ફરે વરસાદમાં.

છે પરાકાષ્ઠા ઉપર તરસ્યું હૃદય,
કલ્પનાઓ થરથરે વરસાદમાં.

આવ બાહોમાં ભરી લે તું હવે ,
તો જ આશાઓ ઠરે વરસાદમાં.

પાંપણો ભીની થયેલી જોઈને ,
બારણું ડુસકાં ભરે વરસાદમાં.*

ચિરાગ પાધ્યા
ભદ્રા, સિદ્ધપુર – 98250 36972

આમ જ્યાં ફરતી ફરે વરસાદમાં,
એ નશો ભળતો કરે વરસાદમાં...

આંગણું છોડીને જ્યાં ચાલી ગઈ,
બારણું ડૂસ્કાં ભરે વરસાદમાં...*

ધોધમારે ભિંજવે કે માવઠે,
એ છબી જે તરવરે વરસાદમાં...

અંધકારોમાં ભરેલું ઘર હતું,
દિપ તિરાડે પાંગરે વરસાદમાં...

હા, ક્ષિતિજ હરબાર હું ભિંજાવ છું,
હરપળે જ્યાં સાંભરે વરસાદમાં...

દેવર્ષિ વ્યાસ "ક્ષિતિજ"
સુરેન્દ્રનગર – ૭૮૭૮૩ ૬૦૦૨૫

અમારી કલમ આજ જીદે ચઢી છે,
લખી દો ગઝલ એક જીભે ચઢી છે.

ઘણીવાર એવું બન્યું છે અમારે,
નિકળતી નથી વાત હોઠે ચઢી છે.

હસી પર ફિદા છે નયન આ અમારા,
હવે ધડકનો એના વાદે ચઢી છે.

અગર હો તસલ્લી મને દિલ તું દઇ દે,
હવે લાગણી સૌ જે હાંફે ચઢી છે!

કહું આખરે કોને જઇને 'ક્ષિતિજ' હું,
તમારા વિના સાંજ ડૂસ્કે ચઢી છે.*

દેવર્ષિ વ્યાસ "ક્ષિતિજ"
સુરેન્દ્રનગર, ૭૮૭૮૩ ૬૦૦૨૫

છે ભાવની સફર તો નાટક નહીં કરું
છે લાગણીની વાત તો રકઝક નહીં કરું*

જ્ઞાની નથી અજ્ઞાન ભરેલું છે આ દિલે
છે પ્રેમની ઝલક તો ચકચક નહીં કરું

છે બેઅદબ નજરની કરામાત લાગતી
છે રાગમાં અસર તો બકબક નહીં કરું

એ યાદમાં સમાવ ખરાં દિલથી સાંભળી
છે પ્રીતની રસમ તો ટકટક નહીં કરું

લઇ હાથમાં કલમને લખી નામ પ્યારનું
છે અંતરે પડાવ તો દ્રાવક નહીં કરું

દેવીબેન વ્યાસ-વસુધા
સુરેન્દ્રનગર – ૯૯૭૯૪ ૭૫૧૩૭

સહારા વિના શાખ ભીંતે ચઢી છે
તમારી અમીરી નિશાને ચઢી છે

કહો ના કહો પણ તલસતાં અધર પર
નશાની કહાની નિખારે ચઢી છે

દિલે વાત સાધી ફરો એકલાં પણ
ચમનમાં સુગંધો  હકારે ચઢી છે

કટારી હવે ના રહે મ્યાન ધારી
એ અંતર ગજાવી ધખારે ચઢી છે

દેવીબેન વ્યાસ 'વસુધા'
સુરેન્દ્રનગર ૯૯૭૯૪ ૭૫૧૩૭

તમારા કરેલાં તમાશાથી થાક્યો
હવે તો ખરેખર જમાનાથી થાક્યો

નથી જિંદગી ખેલ કોઈ રમાડે
નવેલાં મળે એ ઘરાનાથી થાક્યો

કદી લાગણીને જતાવો દિલેથી
અધૂરી નડેલી તમન્નાથી થાક્યો

ખુશીને હ્રદયથી બતાવો ખરાં તો
બનાવે જે દૂરી  પિપાસાથી થાક્યો

ભલાનો હવે તો જમાનો નથી ભૈ
ઘણાં એ મળેલાં બહાનાથી થાક્યો

ઉડીને જવું ક્યાં? અહીં છે વિસામો
નડે જે અહીં એ ઠગારાથી થાક્યો

રસમ જાણતો ના હશે શું?ખબર ના
તમારા બધાંના દિલાસાથી થાક્યો

દેવીબેન વ્યાસ-વસુધા
સુરેન્દ્રનગર – ૯૯૭૯૪ ૭૫૧૩૭

લાગણીની વાત કરતાં અહિ નિખરવું જોઇએ
છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઇએ*

દૂર મંજિલ હોય પણ મનની અટલતા રાખજે
સાંજ વેળા સાંપડે તોયે ચળકવું જોઇએ

હોય બાજી જિંદગીની, ઈશના એ હાથમાં
કર્મના નક્કર ઇરાદાથી દમકવું જોઇએ

શ્વાસ તારા જ્યાં સુધી છે આ જગતમાં ચાલતાં
સદ્વિચારોથી ગ્રહીને એ ધડકવું જોઇએ

વારસામાં જે મળ્યાં સંસ્કારને ના ભૂલજે
ધર્મ તારો તો નિભાવીને પ્રસરવું જોઇએ

ભાર ધરતીનો કદીયે થાય ના જીવન અહીં
એટલો હળવો થઈને અહિ મલકવું જોઇએ

દેવીબેન વ્યાસ-વસુધા
સુરેન્દ્રનગર - M-૯૯૭૯૪૭૫૧૩૭

ભાવના તરસી મરે વરસાદમાં
લાગણી દિલથી ઝરે વરસાદમાં

કામનાઓ કેટલી જીદે ચઢી
અંતરે વાગી ખરે વરસાદમાં

કેટલાં કરવાં ઉપાયો ઘાવના
આખરી ખ્વાબો ધરે વરસાદમાં

દઇ કસોટી પ્રેમની થાક્યાં હવે
કલ્પના સુક્કી ફરે વરસાદમાં

દાખવી સ્વભાવ સાલસ શું કરું
દાવ પણ ખોટો ઠરે વરસાદમાં

માંગવાની ટેવને ના હેળવી
સાન જો વલખી ઠરે વરસાદમાં

ભીતરે થામી વમળને તાકતી
બારણું ડૂસ્કા ભરે વરસાદમાં*

દેવીબેન વ્યાસ-વસુધા
સુરેન્દ્રનગર – ૯૯૭૯૪ ૭૫૧૩૭

બારણું ડૂસકાં ભરે,વરસાદમાં,*
આભથી આંસુ ઝરે,વરસાદમાં.

ટેરવાંનો સ્પર્શ થ્યો જ્યાં ફૂલને,
મ્હેંક મીઠી પાંગરે, વરસાદમાં.

એટલી તાકાત તારા નામમાં,
જ્યાં લખું, હોડી તરે વરસાદમાં.

એ પછી તો 'ઘર' જુઓ નાચી ઉઠ્યું,
આપ ટહૂક્યાં છાપરે,વરસાદમાં.

શબ્દ મેં વાવ્યા હતાં, કૂંડા મહીં.
ને, ગઝલ થઇ અવતરે વરસાદમાં.

ધાર્મિક પરમાર 'ધર્મદ'
મુંબઈ – 98921 89826

ન પૂરાં થતાં એવાં સપનાંથી થાક્યો,
તમારા બધાના દિલાસાથી થાક્યો.*

તમારાથી થાક્યો, અમારાથી થાક્યો,
હું તો  કાળજાના બે કટકાથી થાક્યો.

સરળ, સીધી, ખળખળ હતી મારી ગતિ પણ,
મને ખેંચતા બે કિનારાથી થાક્યો.

વધારે અપેક્ષા મેં રાખી નથી પણ,
રહી જાય જે ખાલી, ખોબાથી થાક્યો.

તેં સંવેદના સઘળી આંખોમાં રાખી,
ન સમજાય એવી આ ભાષાથી થાક્યો.

મને મારી આખી ગઝલ બોલવા દો,
તમારા દુબારા દુબારાથી થાક્યો.

મળ્યું પોટલું માત્ર વાતોનું સહુને,
કશું ના કરે એવા રાજાથી થાકયો.

ધ્વનિલ પારેખ
ગાંધીનગર - ૯૪૨૬૨ ૮૬૨૬૧

આંખ ભીની કરગરે વરસાદમાં,
બારણું ડૂસકાં ભરે વરસાદમાં.*

આગમનને આપના સત્કારવા,
મોર પણ ટહુકા કરે વરસાદમાં.

શોધતા'તા આંસુઓ જે લાગને,
એ મળી ગ્યો આખરે વરસાદમાં.

હોઠની માસૂમિયતને સ્પર્શવા,
રોજ ફોરાં તરવરે વરસાદમાં.

સ્નેહની પીંછી બનાવી સુર્ય ખુદ,
સાત રંગો ચીતરે વરસાદમાં.

લાગણીમાં એ હદે વંટોળ છે,
કોઇ ના દરિયો તરે વરસાદમાં.

દિલીપ ચાવડા 'દિલુ'
સુરત – ૯૯૭૯૬ ૧૪૪૫૦

વહાલના વાદળ ચડે વરસાદમાં,
યાદના ફોરા પડે વરસાદમાં.

બારણું ડુસકા ભરે વરસાદમાં,*
અટકળો આવી ચડે વરસાદમાં.

કે તિમિર મેઘલ બને છે તેજીલો,
વિરહી રાત્રી અડે વરસાદમાં.

છે વરસવું રોજ તારી આંખમાં ,
તેજ સૂરજનું નડે વરસાદમાં.

પાંપણો છલકાય આષાઢી ક્ષણે,
યાદ તારી ગડગડે વરસાદમાં.

એક ધારા રાત'દિ ભીંજાવવા ,
મેઘના ટીપાં લડે વરસાદમાં.

મન તરાવે હોડી કાગળની "દિલીપ",
મૈત્રીની મૂડી જડે વરસાદમાં.

દિલીપ વી ઘાસવાલા
સુરત - ૯૮૨૫૯ ૧૭૮૮૫

બનીને સતિ, એ ચિતાએ ચડી છે.
તમારા વિના સાંજ ડૂસકે ચડી છે.*

નથી ઝુલ્ફ ની લટ કપાળેથી હટતી,
જે નટખટ બની ખુબ માથે ચડી છે.

ઝૂલાના કડા આજ પણ સાચવ્યા છે.
પ્રણયમાં હજી ઠેસ ઝૂલે ચડી છે.

ફૂટે માનવી માટલી જોઇ પહેલાં,
પનીહારિ કૂવાને કાંઠે ચડી છે.

ગઝલ હો કે કાવ્યો સજાવું તને બસ.
જૂઓ, વાત હૈયાની હોઠે ચડી છે.

સમંદર એ ખેડી શકે છે, સરળ છે.
ગરમ રેતમાં હોડી હાંકે ચડી છે.

પરિષદ ભરાતી ફૂલોની "દિલીપ" જો,
વસંતોની ઉમ્મીદ આંખે ચડી છે.

*દિલીપ વી ઘાસવાલા*
*સુરત – ૯૮૨૫૯ ૧૭૮૮૫*

છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ.*
કાળજું અન્યાય સામે રોજ બળવું જોઈએ.

કેમ લોકો ઊગતો સૂરજ પૂજે અવિરત વળી,
આથમે એનેય જઈને રોજ મળવું જોઈએ.

એક બે ને તો મદદ સૌ કોઈ કરશે એકવાર,
ભાવનાનું વ્હેણ દિલમાં રોજ ભળવું જોઈએ.

વાત જો સમ્માનની હો તો વઢાવી પણ શકો,
પણ કદી મસ્તક ગમે ત્યાં ના જ ઢળવું જોઈએ.

"દીપ" માફક જાત બાળી જિંદગી રોશન કરો.
ત્યાં પ્રભુની આંખનું આંસુ પલળવું જોઈએ.

દિપક સિંહ સોલંકી ‘દીપ’
આણંદ – ૬૩૫૩૯ ૨૮૪૭૮

તમારા અકારણ ખુલાસાથી થાક્યો,
તમારા બધાના દિલાસાથી  થાક્યો.*

ઢળેલી હતી સાંજ, પલકો નશીલી,
કે આંખો વહે આ, અજંપાથી થાક્યો.

ડગર ક્યાં કદી ચાલતી હોય બોલો ,
પળેપળ હયાતી પુરાવાથી થાક્યો.

સમંદર રૂવે ને ધવલ ચમકે મોતી,
ઘુઘવતો હવે એ કિનારા થી થાક્યો.

સમજ તું અહીં હો, ન હોવા પછી શું ?
બધાના સુધારા વધારા થી થાક્યો.

સફર તો સરળ છે, છતાંયે છે ફેરા,
જરૂરત વગરના વિસામા થી થાક્યો.

ગિરીશ ચૌહાણ
સુરત ૬૩૫૫૩ ૬૪૮૮૮

વિરહ વેદનાઓ વિષાદે ચઢી છે,
અને લોક વાતો પ્રહારે ચઢી છે.

પ્રભુ, આંસુઓ પણ થયા સાવ ગાંડા,
તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે *

સતાવો, ન આવો, નજરથી ન જાઓ,
પ્રહર આઠની લત જે માથે ચઢી છે.

તમે રણઝણો અંતરે એકધારા,
પગે ઝાંઝરીઓય નાદે ચઢી છે.

વહે છે સતત રક્તધારા કરેથી,
છતાં આંગળી એકતારે ચઢી છે.

હેમા ઠક્કર "મસ્ત"
9099925010

આ દુનિયાના ખોટા ઠઠારાથી થાક્યો,
સતત ચાલતા આ તમાશાથી  થાક્યો!

હવે તો સમંદર આ ખારાથી થાક્યો,
સતત દૂર રહેતા કિનારાથી થાક્યો!

નથી સહેજ પણ સ્પર્શી શકતા મને એ!
તમારા બધાંના દિલાસાથી થાક્યો!*

હવે રાહ જોવાનું મેં છોડી દીધું!
કદી પણ નહીં આવનારાથી થાક્યો!

જરા વાતમાં ખોટું લાગે છે તમને!
કહું કઈ રીતે કે તમારાથી થાક્યો!

મળે દિલથી, તો મૂલ્ય છે એનું દોસ્તો!
હું આ મન વગરના સહારાથી થાક્યો!

મથામણ કરું છું, છતાં શેરિયત ક્યાં?
હવે આ ગઝલના સુધારાથી થાક્યો!

હેમંત મદ્રાસી
સુરત – ૯૩૨૭૩૮૦૬૭૦

## અચાનક નહીં કરું

તું ખાતરી રાખ, વાર અચાનક નહીં કરું!
સાવધ કર્યા વિના તો ઘા બેશક નહીં કરું!

ઈચ્છા વિરુદ્ધ તારી, એ હસ્તક નહીં કરું,
છે લાગણીની વાત તો રકઝક નહીં કરું!*

જીવનનો છે સવાલ, તો ચિંતન જરૂરી છે!
એના વિષે વિચાર હું ઉભડક નહીં કરું!

હું જાણું છું મહિમા આ વાણીનો, એટલે
હું ખોટી રીતે તો કદી બકબક નહીં કરું!

મારા સિવાય અન્યને તું ચાહી નહીં શકે!
આ પ્રેમ બાબતે જરા પણ શક નહીં કરું!

હેમંત મદ્રાસી
સુરત – 93273 80670

ગુલાબી એની મારા ગાલે ચઢી છે
તમારા વિના સાંજ ડૂસ્કે ચઢી છે*

વિતાવી હતી જે બધી પળ સંગાથે,
હવે તે બધી વાત હોઠે ચઢી છે.

વળી મીટ માંડી ઠરી ગઈ છે આંખો,
ને મારી નજર એમ આભે ચઢી છે.

તમારી સરસ લાગતી ઓઢણી તો,
રિસાઈ ને જાણે ઝરુખે ચઢી છે.

હતો હાથમાં હાથ મ્હેંદી ભરેલો,
તમારી એ તસવીર હાથે ચઢી છે.

હેમંત પટેલ 'હેમ'
બાજીપુરા - 98255 08782

સ્મિત એવું તરવરે વરસાદમાં,
યાદ તારી સાંભરે વરસાદમાં.

રાહ જેની જોઈ, એ આવ્યા નહીં,
બારણું ડૂસકાં ભરે વરસાદમાં. *

વાદળો ઉમટી પડ્યાં છે આભમાં,
'આત્મા' ક્રિડા કરે વરસાદમાં.

વીજના ચમકાર આવીને સતત,
આંસુઓ માપ્યા કરે વરસાદમાં.

શ્વાસેશ્વાસે ધ્યાન તો 'તારું ' હવે,
ત્યાં તો મુક્તિ ઝરમરે વરસાદમાં.

હિમાની કિરણભાઈ શાહ
વ્યારા – 63524 07101

હ્રદય ની બધી વાત આંખે ચઢી છે,
તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે.*

ભલાની ગુલાબી સજાવટ કરાવી,
જુવાની કળી ના રવાડે ચઢી છે.

સમયના વહેણે સમજ કેળવી છે,
હવે પ્રેમની દાળ તડકે ચઢી છે.

હવાથી બધા તાંતણા ખોરવાયા,
અધીરી નવી વેલ ભીંતે ચઢી છે.

સુખી સાફ મનની સુગંધી સવારી,
ઉની લાગણી ખૂબ જીદે ચઢી છે.

દબાયેલ સંવેદના ને વલોવી,
દમામી ગરિમા જ આભે ચઢી છે.

ડૉ. હિમાંશુ પટેલ
9925030505

નકામી ઘણી વેલ ભીંતે ચઢી છે.
વધીને એ દિવસે ને રાતે ચઢી છે.

તમન્ના વધી ક્યાંક હોઠે ચટકતી,
નિહાળી બધું, આંખ રોજ્જે ચઢી છે.

ન હો મૂલ્ય શમશાનની ધૂળ થઇને!
ચરણરજ ખુદા રોજ માથે ચઢી છે.

જુઓને! નજર ક્યાંથી ક્યાં જાય ભાગી,
વળી એક ખિસકોલી ઝાડે ચઢી છે.

કે ઈચ્છાય ફરતી રે કંતાન ઓઢી,
ફકીરી ફરીથી એ ગામે ચઢી છે.

હવાની નિસરણી લઈને ફટાફટ,
અમીરી બધાની જ આભે ચઢી છે.

હૃદય થાય ખાલી તો ભેંકાર ભાસે,
"ખુશી" એકલી છે ને વાતે ચઢી છે.

હીના પંડ્યા (ખુશી)
વડોદરા – 84699 94796

તમારાં  વિના સાજ ડૂસકે ચઢી છે*
રહું છું સમીપે  ખુશાલથી પઢી છે

તમારી વગરની  મજા ન આવતીને
ગયાં જયાં, હવે શું પુસ્તક મહીં બચી છે

ભુલાશે નહીં આજ પણ અહીં રહોને
ગઝલનો ગઢે તો સુરત વધું ગઢી છે

અમોને મળોને  નિરંતર ઉપરથી
પધારો ઘડીભર, ખુશી ખુશી ચગી છે

હટે ના જ યાદો  રગેરગે છવાતી
નથી ને તમે તો, પુકારતી રહી છે

તમારાં અવાજે  મુશાયરો સદાયે
છવાયો, કહીશું સુધા હજી ગમી છે

હિતેશ આર. પટેલ (સાવન)
બારડોલી ૯૪૦૮૭ ૪૯૭૭૫

છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ,*
હોય પથ્થર દિલ, જરૂર લાગ્યે પીઘળવું જોઈએ.

મુક્ત જીવન જીવવાનો સર્વને અધિકાર છે,
સર્વદા ખુલ્લું ગગન પંખીને મળવું જોઈએ.

ખુદને બચવું કોઈથી મુશ્કેલ લાગે ત્યારે બસ,
હોંશિયારીથી તરત ત્યાંથી નીકળવું જોઈએ.

ભાવના કોઈથી ના તિરસ્કારની હો કદી,
દૂધમાં સાકર ભળે છે એમ ભળવું જોઈએ.

નમ્રતા ને સાદગીમાં જિંદગીની છે મજા,
બસ દડાની જેમ ના ઊંચે ઊછળવું જોઈએ.

ઈશ્વર ચૌધરી 'ઉડાન'
મુ. પો. થાવર, તા. ધાનેરા,
જિ. બનાસકાંઠા 99243 81765

છે લાગણીની વાત તો રકઝક નહીં કરું,*
તું વ્હાલથી ના પણ કહે તો હક નહીં કરું.

લાગે સતત કે કઈંક તો ખોટું કરે છે પણ,
બાકાત છે વિશ્વાસ જ્યાં ત્યાં શક નહીં કરું.

સાચું કહેવાની હવે હિમ્મત નથી રહી,
તો પ્રેમના નામે મમત બેશક નહીં કરું.

કર મૌનની મારા કસોટી થાય તેટલી,
સમ આપણા સંબંધના ઉફ઼ તક નહીં કરું.

મારા હ્રદય પર હક જતાવી ખાતરી કરો,
ધબકાર પણ યમને કદી હસ્તક નહીં કરું.

ભરચક હશે મ્હેફીલને ચર્ચા થશે 'કલ્પ'
વિત્યા પ્રણયની વાતથી હું છક નહીં કરું.

*જય દિવ્યાંગ દીક્ષિત કલ્પ*
*સુરત – ૯૯૦૯૧ ૦૯૭૫૦*

પથ્થર બની છું સાવ હું, ધકધક નહીં કરું,
કર દ્વાર દિલના બંધ તું, ઠકઠક નહીં કરું.

તમને પરાણે ચાહું એ તાસીરમાં નથી,
માફક મને જો હોય ના, માફક નહીં કરું.

ફરતો રહે જો ચાંદ ગગનમાં ગુમાનથી,
મારી નજરને હું પછી ચાતક નહીં કરું.

મેં પાંખ સ્વપ્નને ધરી ઉડવાને મન મુજબ,
છે મુક્ત મારી લાગણી, બંધક નહીં કરું.

અર્પણ કરી હું જાતને પામી લઉં બધું,
છે લાગણીની વાત તો રકઝક નહીં કરું.

રમતી નથી હું લાગણીથી કોઈ પણ રમત,
ને વાત પ્રેમની હો' તો ભ્રામક નહીં કરું.

હૈયે હશે જો લાગણી દેખાય આવશે,
હું ઢોલ પીટી ગામમાં નાટક નહીં કરું.

કૃષ્ણપ્રિયા જિગીશા ચૌધરી
વ્યારા -.88668 65554

પ્રતિક્ષા આ પાંપણમાં, પ્રિયે ચઢી છે,
ઉદાસી જગતની મજારે ચઢી છે.

અમે યાદમાં ચાંદ જોવા ગયા પણ,
તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે.*

કનડગત કરે, હર વખત દોસ્ત
સ્વપ્નો,
મિરાતો બધી જો કુછંદે ચઢી છે.

હવામાં નજાકત કહો શાને લાગે?
સુગંધી તમારી શું  રસ્તે ચઢી છે.

રમું હું તમારી અલકલટની સાથે,
જો હાલત અમારી ખરાબે ચઢી છે.

જિજ્ઞાસા ઓઝા
9825329663

શું ડુમાઓ આંખમાં  આંજી નીકળવું જોઈએ?
નાહિંમત થઈને કદી પણ ના ઓગળવું જોઈએ!

સ્થિતપ્રજ્ઞ થઈને ક્યાં સુધી સહન કરશો તમે?
છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ,*

લાખ તિરાડો અરીસે ચાલશે,  ચહેરો દીસે,
બિંબ જો તરડાય તો નકકી  કકળવું જોઈએ.

આ જમાનો છે ગજબ! અન્યોની ઊણપ ખોતરે!
વેદના સંતાડી તારે ના કથળવું જોઈએ.

એ કલાને ધૂળ ગણજો જે ન સ્પર્શે દર્દને,
દર્દ શબ્દો, રંગ, ગીતોથી  નિગળવું જોઈએ!

ટેરવેથી આપમેળે જો સંવેદન નિતરે,
લાગણીથી તરબતર થઈ, દિલ પીગળવું જોઈએ!

દ્રશ્ય ચૂભે આંખમાં એ દ્રશ્યને નાબૂદ કર,
હીન કૃત્યો જોઈ રૂવાંડુ સળગવું જોઈએ!

જિજ્ઞાસા ઓઝા

9825329663

સ્વપ્ન કેવા કરગરે વરસાદમાં,
બારણું ડૂસકાં ભરે વરસાદમાં.*

કોરુંકટ આકાશ હૈયે છે અજંપ,
આંખ મારી નિતરે વરસાદમાં.

હૂંફ પામું, અંકુરિત નકકી થઈશ,
લાગણી અહીં ઝરમરે વરસાદમાં.

સાથિયા ઈજન તણા ચીતરું અને,
સ્મિત એનું નિખરે વરસાદમાં.

રોજ મારી સૌ તમન્ના તરફડે,
તોય આશા પાંગરે વરસાદમાં.

જિજ્ઞાસા ઓઝા
98253 29663

છે લાગણીની વાત તો રકઝક નહીં કરું,*
તું ના કહીશ તો દિલે દસ્તક નહીં કરું.

શ્વાસો ભરું છું  તે છતાં  જીવંત ક્યાં  રહ્યો?
ચાહી શકું તને તો બીજો હક નહીં કરું!

તારા જ સ્વપ્ન સાથે મને પ્રેમ છે, પ્રિયે!
પણ પ્રેમનો જ હક હવે નાહક નહીં કરું,.

દર્દી બની ગયો છું હું તો તારી યાદીમાં,
હા, એકરારે દર્દ હું બેશક નહીં કરું.

આંસુથી તરબતર છે આ આંખો છતાં જુઓ,
જીદી ઘણું છે, જાવ છો!  ઊફ તક નહી કરું.

જિજ્ઞાસા ઓઝા
98253 29663

મુખૌટા લદાયેલ મા'ણાથી થાક્યો,
નથી બોલવું કંઇ, ખુલાસાથી થાક્યો.

ન લાવું કદી આંસુઓ આંખ સુધી,
તમારા બધાના દિલાસાથી થાક્યો.*

જખમ ખોતરીને, મીઠું વાહ, ધરો છો!
હવે તો તમારા સકંજાથી થાક્યો.

પલળતાં શીખી લીધું કોરા નયનમાં,
હકીકત કહું તો અજંપાથી થાક્યો.

જુઓ સ્વાર્થના નીર ઉછળે છે કેવાં!
હું આભાસી વ્હાલપના મોજાથી થાક્યો.

જિજ્ઞાસા ઓઝા
98253 29663

છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ,*
પાપ હરવા તીર તરકસથી ઊછળવું જોઈએ.

એમ પાવન ક્યાં થવાતું જિંદગીમાં કોઈથી!
જાતનો  આપી હવનમાં હોમ બળવું જોઈએ.

પ્રેમ નામે પિંજરાને ગોઠવીને બેઠા છે,
પ્રેમ સાચો પામવા હદથી નીકળવું જોઈએ.

મનમાં ને મનમાં કરી ને ઝેર બેઠા છો તમે,
વાતનો કરવા ખુલાસો, તારે મળવું જોઈએ.

વેદનાને ભાવથી ભેટી લે જીવન એકવાર,
એ પછી ખુદ વેદના બોલે કે ખળવું જોઈએ.

મોહ માયા પકડી રાખે જિંદગીભર મૂક તે,
સાંજ થઈ, નિજની તરફ પાછા તો વળવું જોઈએ.

રાખને સમજી લે તારો આખરી ઉતારો, ને
એ પછી ઈશ આભમાં વ્હાલપથી ઢળવું જોઈએ.

*જિજ્ઞેશકુમાર દેવેન્દ્રકુમાર ત્રિવેદી 'પ્રકાશ'*
*9662749582*

કહું છું ઘણાનાં સહારાથી થાક્યો,
તમારા બધાનાં દિલાસાથી થાક્યો.*

મને ગામમાં સૌ ગણે છે દિવાનો,
દિવાનો જુઓ દિલ દિવાનાથી થાક્યો.

ખુલાસા તો લોકોને લાગે વહાલાં,
નકામા અપાતાં ખુલાસાથી થાક્યો.

મને ભોળવી લોક જલસા કરે છે,
હું લોકોનાં એવા તમાશાથી થાક્યો.

ઘણી વાર તો જીવ લીધો છે એણે,
ઘણી વાર સાજન સુંવાળાથી થાક્યો.

કિનારે કિનારે કશે ક્યાં પહોંચાય?
નજર આવતાં આ કિનારાથી થાક્યો.

જે વરસે સતત આભમાંથી ધરા પર,
ઇશારાથી થાક્યો, સિતારાથી થાક્યો.

*જીતેન્દ્ર ભાવસાર - Whatsapp : +91 6351 226 271*
*Calling : +1 437 238 2744 bhavsarjg@gmail.com*

કોણ ઈશારા કરે વરસાદમાં!
એક ચહેરો તરવરે વરસાદમાં!

સ્પર્શ એના હાથનો ઝંખે હવે,
બારણું ડૂસ્કાં ભરે વરસાદમાં,

આંખ નીચે લાગણીનાં ઝાડવા,
આંસુઓ પણ પાંગરે વરસાદમાં?

નાવડી, ખાબોચિયાં ને દેડકાં,
બાળપણ એ સાંભરે વરસાદમાં,

વીજની સાથે ચમકતી જાય છે,
યાદ જીવે ને મરે વરસાદમાં,

ખાતરી જો મેં કરી, ચૂંટી ખણી,
એકલો 'જલ' આખરે વરસાદમાં!

કાજલ શાહ "જલ"
સુરત – 70487 48901

આવેશ, મનવિકારી પ્રભાવક નહી કરું
છે લાગણીની વાત તો રકઝક નહી કરું*

વિશ્વાસ જાત પર ને મનોબળ સતર્ક છે
તાવીજ માળા-જાપ તો બેશક નહી કરું

રસ્તો અલગ છે મારો મુસાફર છું દૂર નો
સંગાથ તારો એટલે વ્યાપક નહી કરું

કાપેલ કોઈ મરઘીનો ફફડાટ ભીતરે
આક્રંદ એવો આમ અચાનક નહી કરું

બેઠો છે શ્વાસે શ્વાસમાં વિશ્વાસ જીતનો
"કોરોના"તુજને આયખું હસ્તક નહી કરું

કાસિમ શેખ "સાહિલ"
નવસારી – 83880 70164

બારણું ડૂસકાં ભરે, વરસાદમાં,*
આંખમાં જળ તરવરે, વરસાદમાં.

હૂંફને માણી હતી,જે સ્પર્શમાં;
પ્રીત એવી સાંભરે, વરસાદમાં.

જાગતી એ રાતમાં સપનાં બળે;
આગ ઠરશે આખરે, વરસાદમાં.

વાદળોને શું સમજ સંગીતની?
તાર વીણાના ઝરે, વરસાદમાં.

શુષ્ક હૈયાની ફળી છે કામના;
તૃપ્તિનો ખોબો ભરે, વરસાદમાં.

થનગને પાગલ બનીને મોરલો;
વ્યક્ત એ ખુદને કરે, વરસાદમાં!

તપ્ત ધરતીની કદર નભને હવે;
હેત કેવું ઝરમરે, વરસાદમાં!

લીના પટેલ
નવસારી 63529 44693

તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે,*
કબૂલાતની વાત હોઠે ચઢી છે.

ઉતરતી રહી જિંદગીની જે ગાડી,
મુસાફર ભરી હાલ પાટે ચઢી છે.

ઉદાસી હટાવી નવી આશ આપી,
છતાં ભીતરે સ્હેજ જીદે ચઢી છે.

મઢાવી મેં સારપ જરા કાચ પાછળ,
જગતમાં ચમક લોક આંખે ચઢી છે.

નજરના પુરાવા મળ્યા જ્યારથી ત્યાં,
પ્રણયની ગવાહી તો છાપે ચઢી છે.

મળ્યા સામસામે અચાનક તમે તો,
બનીને છબી દિલની ભીંતે ચઢી છે.

લીલાબેન પટેલ 'ઝલક'
નવસારી - 94288 82566

ખીણ,પર્વત કે નદી કાંઠે રઝળવું જોઈએ ,
અન્ય માફક જાતને ક્યારેક મળવું જોઈએ .

થાય જો અન્યાય તો હૈયું કકળવું જોઈએ,
છે રગોમાં લોહી તો લોહી ઊકળવું જોઈએ .*

જો સમય છે બેઉનો ભારી વિકટ તો શું થયું ?
આપણે માઠાં સમયમાં રોજ મળવું જોઈએ .

પ્રેમનું પરિણામ છે સંવેદના સાથે મિલન ,
બે અમીમય આંખથી મોતી નીકળવું જોઈએ .

આવતા વરસાદમાં 'મરમી' પલળવું જોઈએ ,
આપણે બસ બાળકોની જેમ રમવું જોઈએ .

મહેન્દ્રસિંહ પઢિયાર 'મરમી'
જૂનાગઢ – ૯૪૨૭૧ ૮૩૩૦૫

છોકરી જ્યાં નીતરે વરસાદમાં ,
કેટલી આંખો ઠરે વરસાદમાં !

બાળપણ પાછું ફરે વરસાદમાં ,
કાગજી હોડી તરે વરસાદમાં .

આપ્તજન જ્યાં સાંભરે વરસાદમાં ,
બારણું ડૂસકા ભરે વરસાદમાં .*

મોર , કોયલ , ચાતકો કેલી કરે ,
આગવાં ટહુકા ખરે વરસાદમાં .

ઝાડ પર પંખી ડરે વરસાદમાં ,
ફૂલ 'મરમી' થરથરે વરસાદમાં .

મહેન્દ્રસિંહ પઢિયાર 'મરમી'
જૂનાગઢ – ૯૪૨૭૧ ૮૩૩૦૫

જવા દો વતનમાં અજંપાથી થાક્યો
તમારા બધાનાં દિલાસાથી થાક્યો*

બચાવું કહી પિંજરે પૂરી રાખ્યો
નેતાઓના પોકળ ખુલાસાથી થાક્યો

એ રઘવાયો હડકાયો માણસ હરાયો
ઘરે પૂરવાના તમાશાથી થાક્યો

ન જાણ્યો ન લાગ્યો સમંદર પરાયો
કિનારે ડૂબાડે એ મોજાંથી થાક્યો

મહેશ
મહુવા (સુરત) – ૭૬૦૦૩ ૭૩૫૮૮

રિવાજો હવેથી મિનારે ચઢી છે,
દુનિયા મિલનની વિચારે ચઢી છે.

તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે,*
ફરિયાદની હદ મિનારે ચઢી છે.

જુઓ ચાંદનીના વિયોગે ગગન જો,
નયનનાં શિકારે હલ્લારો ચઢી છે.

રટણમાં હવે ગીત તેનું જ આવે,
પ્રેમીની કહાની સિતારે ચઢી છે.

સુકાયેલી 'મન'ની ઊગી જાય કુંપળ,
અધુરી જિંદગી સહારે ચઢી છે.

મનોજકુમાર પંચાલ 'મન'
97371 00680

તેં માંગ્યું સતત તો પ્રભુ 'હા'થી થાક્યો,
એ આપે છે ત્યાં તારી 'ના, ના'થી થાક્યો.

કરુણતા તો આથી વધારે હશે શું?
કહે દીકરો કે, હું તો માથી થાક્યો!

હતા દોસ્તો કામમાં તો ન આવ્યા,
તો હું એકલો પી પીને ચાથી થાક્યો.

તેં છેડ્યો પ્રથમ 'સા' મજા આવી ગઈ'તી
પછી 'રે', પછી એના એ 'ગા', 'ગા'થી થાક્યો

ભૂલી ગઈ છે દુનિયા કે હું હું જ છું તો,
'ફલાણો થા' ને 'ઢીંકણો થા'થી થાક્યો.

તમે આંગળી છોડવાની રજા દો,
ભરી આમ પગલીઓ પા-પાથી થાક્યો.

અરે, આ પ્રતિક્ષાની કેવી પરીક્ષા!
બીજાની સતત 'આવ ને જા'થી થાક્યો!

મંથન ડીસાકર
સુરત – 98795 75135

'હુંપણું' મારું મને પીંછાંથી હળવું જોઈએ
એક બસ આ સ્વપ્ન છે, આ સ્વપ્ન ફળવું જોઈએ.

છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ.*
માટીમાં દુશ્મન ભળે કાં તારે ભળવું જોઈએ.

ક્યાં? સતત ઉગેલ રહેવું એ કદાપિ શક્ય ક્યાં?
સૂર્યની માફક ફરી ઉગવાને ઢળવું જોઈએ.

આટલાં નજદીક આવીને પછી અળગા રહો !
જો તમે મળવા જ આવો છો તો મળવું જોઈએ.

આ ગઝલ નામે દીવો પ્રગટે, શરત છે એટલી-
રાત બળવી જોઈએ ને જાતે બળવું જોઈએ.

જેમ કાંટો સોયથી કાઢી શકાતો હોય છે,
કારસો એવો કરીને મનને છળવું જોઈએ.

મયૂર કોલડિયા

તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે.*
હવા પણ ભલી આજ હિબકે ચઢી છે.

નિરાશા તડપતી હૃદયના કિનારે,
ઉગેલી ભલી આશ ડચકે ચઢી છે.

નજરના વમળ જો તરે છે ગગન પર,
ભરેલી વિરહ ચીસ આંખે ચઢી છે.

ઉડે છે અગન ઉર હિલોળે હિલોળે,
ઘણી વેદના એમ પાંખે ચઢી છે.

નયનથી ટપકશે રુદનની અટારી,
કટારી ઝખમની લો પડખે ચઢી છે.

સજોડે વિતેલી એ સઘળી ક્ષણોની,
મઢેલી બધી યાદ વલખે ચઢી છે.

મેહુલ ત્રિવેદી
ખેરાળી, તા. વઢવાણ જિ.
સુરેન્દ્રનગર
૯૮૯૮૩ ૬૫૮૭૩

પ્રેમમાં ડૂબેલ હૈયું ઉભરાવું જોઈએ.
મૌનમાં કિધેલ વાક્ય સંભળાવું જોઈએ.

બંધ આંખે રોજ ભરું છું તને શ્વાસો મહી,
છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ*

ફૂલની સુગંધ છાંટી મોકલું  છું ગીતડું,
ગીતના ગુલાલથી ખંજન ખીલવું જોઈએ.

મિહિર પટેલ
વડોદરા – 98795 40867

જો જુઓ અન્યાય તો અંતર સળગવું જોઈએ,
છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ.*

જો હૃદય-સંબંધ હો, શંકાથી બચવું જોઈએ,
ક્રોધના સૌ વિષને પ્રેમે ગટકવું જોઈએ.

સૌ જનમથી બસ તવંગર નામના બનતા ફરે,
દુઃખ જોઈ કોઈનું દિલ પણ પીગળવું જોઈએ.

આંગળી વચ્ચે મને આપી છે જે થોડી જગા,
એ જગાને પૂરવા દિલભર તો મળવું જોઈએ.

જામ થઈ ને સૂર મહફિલમાં બધે ફરતા રહે,
બસ ગઝલ-સુરાથી આ અંતર પલળવું જોઈએ.

ડો. મિલિન્દ પારેખ
બારડોલી – ૯૯૭૯૦ ૪૯૨૨૨

બારણું ડૂસ્કાં ભરે વરસાદમાં*
મૌનના આંસુ ખરે વરસાદમાં.

નાવ કાગળની હવે તરતી નથી,
બાળપણ બસ સાંભરે વરસાદમાં.

નામ એનું ભૂલવાનો ડોળ છે,
યાદ જેની તરવરે વરસાદમાં.

પાંજરું તોડી ગગનમાં જે ગયા,
એ બની પંખી ફરે વરસાદમાં.

વેદના જો હો ધબકતી ભિતરે
તો ગઝલ પણ પાંગરે વરસાદમાં.

ડો. મિલિન્દ પારેખ
બારડોલી – ૯૯૭૯૦ ૪૯૨૨૨

પાણી ખુદના વેગથી જાતે ઉછળવું જોઇએ,
છે રંગોમાં લોહી તો લોહી ઉકળવું જોઇએ.*

આ રીતે શું કામ જઇ રણમાં રઝળવું જોઇએ ?
છે નદી કુંવારી તો દરિયાને મળવું જોઇએ !

તો જ મોટાં થઇને માયા માટી સાથે રાખશે,
બાળકોએ ધૂળ રેતીમાં જ રમવું જોઇએ.

વ્હેંત નમવાની ય જોવી વાટ એ તો છે અહમ,
આપણે બે હાથ જોડી હાથ નમવું જોઇએ.

જીવ ઠરે છે જેમ આ લીલોતરીને જોઇને,
ઝાડ મરતાં જોઇને આ દિલ રડવું જોઇએ.

મોતીજી ઠાકોર
૯૯૭૮૪ ૦૫૬૪૧

ભીંત ને છત સાંભરે વરસાદમાં,
બારણું ડૂસકાં ભરે વરસાદમાં !*

આગ અંદરની ઠરે વરસાદમાં ?
જ્યાં ભીતર ભડકા કરે વરસાદમાં.

પાણી પાણી પાણી છે ચારે તરફ,
કોઇ છતાં તરસે મરે વરસાદમાં !

હોય કોઇ સંગાથ તો પલળાય,પણ
એકલું કોઇ શું કરે વરસાદમાં ?!

જળને પણ જળ છેતરે વરસાદમાં,
નભ નયનનું નીતરે વરસાદમાં !

આયખું આખું એમાં ધોવાય છે,
કાંગરા ગઢના ખરે વરસાદમાં.

મોતીજી ઠાકોર
99784 05641

વર્તમાન હોય કે ભવિષ્ય સાચી દિશામાં વધવું જોઈએ
વાત સાચી અને ખરી હોય તો ખોટાથી લડવું જોઈએ

વૃદ્ધ હોય કે બાળક દરેકને ધ્યાનથી સાંભળવું જોઈએ
સ્પષ્ટ વકતા થવું હોય તો સઘન શ્રોતા બનવું જોઈએ

ધર્મ જાતિ પદ પ્રતિષ્ઠા થી માણસે ના ઓળખાવું જોઈએ
પરોપકારના ભાવનાથી સારા કર્મ કરી પલળવું જોઈએ

ગાંધી,સરદાર,આઝાદ નું બલિદાન યાદ કરતું કરાવવું જોઈએ
માતૃભૂમિ ના રક્ષા માટે હર હંમેશ ત્યાગી થઈ પીગળવું જોઈએ

અસત્યના દહનની સામે સત્ય ટકાવવા સળગવું જોઈએ
છે રગો માં લોહી તો લોહી ઉકળવું જોઈએ..*

નરેન્દ્ર બંસીલાલ રાઠોડ
સુરત – 9974017063

તમારા બધાના દિલાસાથી થાક્યો,*
બધાયે હું મોઘમ બહાનાથી થાક્યો

પરાયાની તો આશ પણ ક્યાં કરી'તી,
સફરમાં ખરેખર અમારાથી થાક્યો.

જરૂરત નથી પણ છતાંયે કરાવે,
કહું કોને આવા ખુલાસાથી થાક્યો.

હતા ઘા ઘણા તોય ફીકર એ ન્હોતી,
હ્રદયમાં જે ઘુમતા ધખારાથી થાક્યો.

ને ઘટવાનું તો નામ પણ ક્યાં કદી લે,
થતા ભાવમાં સૌ વધારાથી થાક્યો.

મને મોજ સઘળી નિજાનંદ પ્યારી,
સમય તેં કરાવ્યા દિખાવાથી થાક્યો.

ખુમારી છતાં ખુબ ભીતર ભરી છે,
નથી એમ તો'નિત' જમાનાથી થાક્યો.

નીતેશ ટાંક 'નિત'
સુરત – 99795 84130

માન છે મિથ્યાભિમાન જ તો મસળવું જોઈએ,
જ્ઞાન છે ભીતર અમાપ જ તો અકળવું જોઈએ.

છે તિમિર ના તાંતણા વેરાન વિરહી વાટ માં,
તેજ ની છે આશ તો થઈ આગ બળવું જોઈએ.

છે રણો ના ઝાંઝવા ના ગહન વિસ્તારો બધે,
નયન ના અંજવાસે જો' ભીનાશ  ઢળવું જોઈએ.

ને પૂજાવું છે જગત માં પ્રભુ થઈ માનવ બની,
તો બની શંકર ગળે વિષ પણ નિગળવું જોઈએ.

પાળ્યા એને વસોટા છોડ્યા અધ મારગે,
છે રગો માં લોહી તો લોહી ઉકળવું જોઈએ..*

અટક્યા એ તો કિનારે ,નૌ ડુબી નિ સ્તર જ્યાં,
તો નિરંતર દિલ ના દરિયે ખખળવું જોઈએ.

છંદ માત્રા,કાફિયા શબ્દો, છે માપે ગઝલ માં,
દર્દ  ઘૂંટેલી  છે  તો  મોતી નીકળવું જોઈએ..

*નીતિન મહેતા*
*જસદણ.જી. રાજકોટ - 95375 95295*

રાહ જોતી આંખડી થંભી ગઈ,
બારણું ડૂસ્કાં ભરે વરસાદમાં.

તારલાં નભથી ખરે વરસાદમાં,
સ્વપ્ન આંખેથી સરે વરસાદમાં.

નેહ ઝળહળતો આભલે વીજમાં!
વાત તારી સાંભરે વરસાદમાં.

ઉમડે વાદળ હૃદયમાં પ્રેમનાં,
અંગને લથબથ કરે વરસાદમાં.

ઝીલતી પૃથ્વી વરસતા મેઘને,
પ્રેમ હૈયે પાંગરે વરસાદમાં.

પ્રેમ વાવ્યો યાદના ખાતર વડે,
સળવળે એ ભીતરે વરસાદમાં.

'નીલ' સૌને સાત રંગે રંગતી,
રંગ હૈયે ઉભરે વરસાદમાં.

નૂતન તુષાર કોઠારી 'નીલ'
વાપી – ૭૪૦૫૫ ૯૫૫૧૭

બારણું ડૂસકાં ભરે વરસાદમાં,*
એક ચહેરો તરવરે વરસાદમાં !

કોણ એવું સાંભરે વરસાદમાં ?
આંસુનો દરિયો તરે વરસાદમાં !

તો મજા સમજાય ભીના ઘાસની,
પગ ઉઘાડા લઇ ફરે વરસાદમાં.

એને માણસ જીવતો ક્યાંથી કહું ?
કાગડો થઇ જે ફરે વરસાદમાં !

પરબતકુમાર નાયી ‘દર્દ’
૭૯૯૦૨ ૮૮૧૯૩

છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ *
આપણે જીવિત છીએ પ્રમાણ મળવું જોઈએ.

આંગણે વરસાદ છે ને આંખ સામે મોગરો,
યંત્રના માણસ હવે તારે પલળવું જોઈએ.

હું અને તું કેદ ઘરમાં થઇ ગયાં તો શું થયું ?
યાદના મેસેજ લઈને રોજ મળવું જોઈએ !

તો ગઝલના આયનામાં રૂપ સાચું આવશે,
ગાલગાની પાસે બેસી સ્હેજ બળવું જોઈએ.

પીંડ લઇને શબ્દનો તું શેર નહીં આપી શકે,
તારા હૈયાનુંય એમાં હીર ભળવું જોઈએ.

પરબતકુમાર નાયી ‘દર્દ’
૭૯૯૦૨ ૮૮૧૯૩

અધર પર ધરેલા જુઠાણાથી થાક્યો,
ના સચ્ચાઇ જેમાં પુરાવાથી થાક્યો,

નસીબે હતું એ પલકમાં ગુમાવ્યું,
લકીરોના એવા સુધારાથી થાક્યો,

નિહાળે સતત પણ ના સંગમ કદીયે,
હું ને તું સરીખા કિનારાથી થાક્યો,

ઉછળતા પહોંચી જવા મંજિલે જે,
સમંદર સમાતા એ મોજાંથી થાક્યો,

સબંધોને માની ઘરેણું સજાવ્યા,
એ ફરિયાદ કરતા ખજાનાથી થાક્યો,

કરી'તી દુઆ મેં તો નવરાશની બહુ,
મેં જાતે જે ઝંખ્યો અજંપાથી થાક્યો,

કહેતા ફરો છો થશે કાલ સારું,
તમારા બધાના દિલાસાથી થાક્યો.*

પાયલ ઉનડકટ
રાજકોટ – ૯૪૦૮૭ ૭૫૦૪૧

તુફાની નદી આજ કાંઠે ચઢી છે,
સમંદરની ચિંતા એ ઝોલે ચઢી છે,

ફણીધર સમી લાગણીઓના ડંખે,
તમારી તમન્ના નશાએ ચઢી છે,

ગુલાબી ગુલાબી છે મોસમ હવાની,
ગજબની કૈં મસ્તી બહારે ચઢી છે,

નવી આશ સાથે ઉગ્યો'તો  દિવાકર,
તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે,

તમારો કર્યો છે મે ઉલ્લેખ જેમાં,
ગઝલ એ જમાનાની નજરે ચઢી છે.

પાયલ ઉનડકટ
રાજકોટ - 94087 75041

આ ઘરની દીવાલો ય અબખે ચઢી છે,
છતાં જાણે પગમાં યે બેડી જડી છે.

ઘસાઇ ઘસાઈને ઉજળી થઈ પણ,
હવે જિંદગી જાણે ઠેબે ચડી છે,

બધાં રંગ ફિક્કા થયા આસમાની,
તમારા વિના સાંજ ડૂસકે ચડી છે.*

અરીસા નાં ટુકડા ય જાણે હસે છે,
બધી તસ્વીરોમાં ય ખુદ તું ખડી છે,

અરે,આ થયું શું કે હિઝરત કરી ગઇ,
હવે તો  ઉદાસી ય ધ્રુસકે ચડી છે,

શબદ, અક્ષરો ને ગઝલ ગીત રોયા,
કલમ ભગવતીની ય હિબકે ચડી છે.

પીયૂષ ભટ્ટ
સુરત 94272 07939

કોઈ લીલાં ઘાવથી હૈયું પલળવું જોઈએ,
ઝેર વ્હાલાઓનાં શબ્દોનું ય ગળવું જોઈએ,

મત ભલે અંગત એ પોતીકો જ હોવો જોઈએ,
કોઈ ટોળામાં કદી કયાંયે ન ભળવું જોઈએ,

તું ભલે ને રોશનીથી તરબતર રઈશ છો,
ઝુંપડીનાં દીવડા સાથે ય બળવું જોઈએ,

રોજ આવે છે જીવનમાં કંઈક તો લીસ્સી ક્ષણો,
ઢાળ જોઈને ન કિન્તુ કયાંયે ઢળવું જોઈએ,

માત્ર સાક્ષી થઈ જવું ના પાલવે તારે કવિ,
છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ

**પીયૂષ ભટ્ટ**
**સુરત – 94272 07939**

એક જણ આ સાંભરે વરસાદમાં
બારણું ડૂસકાં ભરે વરસાદમાં*

લોક પૂછે આંખથી આ શું ઝરે ?
કૈ ડૂમા બસ અવતરે વરસાદમાં

છું હું ઘરમાં ને છતાં ભીજાઉં ?
યાદ વેરણ ઝરમરે વરસાદમાં

લે ઉભી છું બારણે તું આવને
જો પ્રતિક્ષા કરગરે વરસાદમાં

સાવ સૂની છે અટારી મન તણી
એક પગરવ તરવરે વરસાદમાં

દૂર જા બસ એટલો તું દૂર જા
સ્મૃતિ ના કો 'આંતરે વરસાદમાં

રણ બધે પ્રસરે એ પહેલાં આવી ને
શ્વાસ એ ભીનાં કરે વરસાદમાં

પ્રજ્ઞા વશી
સુરત – ૯૮૭૦૦ ૮૧૨૦૩

સંકેત, શબ્દ, વાણી કે આદેશમાં નથી;
સંદેશ મારો સાચો આ સંદેશમાં નથી.

પાણી પવન ને માટીનો સહયોગ જોઈએ
પુષ્પોનું ઊગવું માળીના નિર્દેશમાં નથી –

પરગ્રહ હો કે વિદેશ, છે અંતર ભૂગોળનું,
તું મારે મન, ગમે ત્યાં હો પરદેશમાં નથી.

મારા વતી મે જીવવું છોડી દીધું પછી-
ઉદ્દેશ મારો કોઈ પણ ઉદ્દેશમાં નથી.

મેં નગ્નતામાં દિવ્યતા જોઈ છે જ્યારથી,
મારી મનુષ્યતા કોઈ ગણવેશમાં નથી.

પ્રમોદ આહિરે
સુરત – ૯૮૨૪૧ ૩૪૦૬૧

મ્હોરું ઉતારું છું તો ચહેરો ચિરાય છે;
ફેરી અગર ફરું બધે – શ્વાસો ચિરાય છે.

હદથી વધુ હો ગતિ તો વિનાશક બની શકે,
ક્યારેક વાયુ વેગથી પુષ્પો ચિરાય છે.

આવે નહીં અવાજ ને આંસુ, ઢળી પડે,
જયારે કોઈ હૃદયનો ભરોસો ચિરાય છે.

હોવા હોવાપણામાં કોઈ ઊણપ હોવી જોઈએ,
પ્રતિબિંબ જોતાં લાગે અરીસો ચિરાય છે.

તુ એક બાદ એક સતત માંગણી ન કર-
તારા અવાજથી જ અવાજો ચિરાય છે.

પ્રમોદ આહિરે
સુરત – ૯૮૨૪૧ ૩૪૦૬૧

અરે સાવ ખોટા ખુલાસાથી થાક્યો,
ગુલાબી ગુલાબી બહાનાથી થાક્યો.

જરાવાર મઝધારમાં છોડી જાશો?
કસમથી હવે તો કિનારાથી થાક્યો.

મને દર્દની બસ મજા માણવા દો,
તમારા બધાના દિલાસાથી થાક્યો.*

ઘણાને સમય પાકતા વાર લાગે,
અને હું સમયના સહારાથી થાક્યો.

કદી તો સભામાં નવું લાવતા હો,
ગઝલમાં પ્રણયના પુરાવાથી થાક્યો.

સકળ મોહ-માયા લે સંકેલી લીધી,
બધે પાથરેલા પથારાથી થાકયો.

બને તો મિલનવેળા જલ્દી કરાવો,
આ માણસ વતનના ઝુરાપાથી થાક્યો.

પ્રશાંત સોમાણી
સુરત ૭૪૦૫૧ ૩૭૦૦૧

બારણું ડૂસકાં ભરે વરસાદ માં;*
યાદ તારી તરવરે વરસાદ માં,

જો, પવન પાગલ થયો,ચેતી જજો;
પાન લીલું પણ ખરે વરસાદ માં,

મૌન વાવેલું અમે તો પ્રેમ થી;
શબ્દ મારાં પાંગરે વરસાદ માં,

વાત દિલની હોઠ પર આવી છતાં;
આમ પાછા થરથરે વરસાદ માં,

હા, સફર ટૂંકી હતી તો શું થયું?
કોઇ જળ પણ ન ધરે વરસાદ માં?

ટેરવે ગણતાં અમે મિલન ઘડી;
કોણ આવું સાંભરે વરસાદ માં.

પ્રતિક ડી. પટેલ
સુરત – ૯૧૭૩૧ ૩૮૩૮૧

પીડા, દરદ, જખમનાં પ્રભાવક નહીં કરું,
ઘાયલ આ સ્પંદનોને હું યાચક નહીં કરું.

મોઘમ તમે કહ્યું હશે, એ યાદ તો નથી,
છે લાગણીની વાત તો રકઝક નહીં કરું.*

ખામોશ છે ટકોરા, સ્મરણની ક્ષણો તણાં,
ઘડિયાળ પર સતત ફરી ત્રાટક નહીં કરું

દર્પણમાં જળનાં જોઈ પ્રતિબિંબ, ડર નહીં,
તું મત્સ્ય તો નથી, તને મારક નહીં કરું.

ઈચ્છાના ગઢથી કાંકરી ખરતી રહી સતત,
અશ્વોની ઠેકને છતાં ભ્રામક નહીં કરું.

વ્હેવારનો ગુણક કદી જો શૂન્યથી ગુણે,
સંબંધને રકમનો વિભાજક નહીં કરું.

પૂર્ણિમા ભટ્ટ
સુરત – 7096210709

પ્રતીક્ષા તમારી, તો પાંખે ચઢી છે,
તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે.

સ્મરણની જે શાખો ભીંતે ચઢી છે!
સમયની ક્ષણે ક્ષણ હિલોળે ચઢી છે.

થયું'તું કદી જ્યાં મિલન બાંકડે, ત્યાં,
હરખની એ વેલીઓ શાખે ચઢી છે.

સમી સાંજની આ હતાશા લઈને,
અપેક્ષા નઠારી યે જીદ્દે ચઢી છે.

હતાં શબ્દનાં ગાલ પર કંઈ ઉઝરડા,
ને પીડા, ગઝલની ત્રિલોકે ચઢી છે.

ખરે પાન સઘળાં જુઓ પાનખરમાં,
છતાં લાગણીઓ વસંતે ચઢી છે.

પૂર્ણિમા ભટ્ટ
સુરત – 7096210709

લાજ લૂંટાતી રહે, મન જોઈ બળવું જોઈએ,
છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ.

શુદ્ધ આ સંસાર આખો, ના કરી શકશે કોઈ,
હોય કો' જણ શુદ્ધ, એવું એક મળવું જોઈએ.

હો ભલે આકાર નોખાં, છે ઘડા એક માટીનાં,
હો ઝરણનું કે નદીનું, નીર ઢળવું જોઈએ.

તો ધરાની ભીતરેથી આવશે મોહક સુવાસ,
પ્રેમ સીંચી, પુષ્પ ઝાકળમાં પલળવું જોઈએ.

ઈશ ગરીબી કે અમીરીની કરે તુલના કદી?
હક છે સૌનો, સૌને સરખે સરખું મળવું જોઈએ.

સી.એ. રાજ અસ્તી
સુરત – ૯૦૯૯૬ ૪૨૦૯૭

અગન ભડભડે છે રે ભીતરમાં, ઠરશે?
તમારાં બધાંના દિલસાથી થાક્યો.

કે બેરંગ હું પણ નથી માનશે એ?
એનાં રંગ માંગે પુરાવાથી થાક્યો.

કેવાં મતલબી છે આ દુનિયાનાં આરોપ,
અમસ્તા દઈ સૌ ખુલાસાથી થાક્યો.

હતી તો નજીક જ ઘણી મારી મંજિલ,
ને પગલાં ગણી હું કિનારાથી થાક્યો.
સવાલો હતાં જિંદગીના વધારે,
જવાબોનાં અઘરાં સુધારાથી થાક્યો.

અજંપા ભરી શાંતિ મહેફિલમાં પ્રસરી,
બુઝી ના શમા એ નજારાથી થાક્યો.

સી.એ. રાજ અસ્તી
સુરત – ૯૦૯૯૬ ૪૨૦૯૭

દિલથી કરીશ પ્રીત હું, ઉપલક નહીં કરું,
છે લાગણીની વાત તો રકઝક નહીં કરું.*

ચાહત કદી હું અન્યની માફક નહીં કરું
તારાં ઉપર હું શક પ્રિયે ! બેશક નહીં કરું.

ઢાળીશ શેરમાં છતાં વ્યાપક નહીં કરું,
હું વારતાને આપણી રંજક નહીં કરું.

સ્થાપી દીધું છે સ્થાન હૃદયમાં મેં આપનું,
ઈશ્વરનું ક્યાંય પણ બીજે સ્થાનક નહીં કરું.

ચેતવણી પણ દઈશ પ્રથમ વાતચીતમાં,
વિસ્ફોટ પ્રેમનો હું અચાનક નહીં કરું.

રાજેશ હિંગુ
થાણા (મુંબઈ) – 98676 52042

ઈચ્છા હું તારી એમ કૈં હસ્તક નહીં કરું,
તારા ઉપર હું કોઈ હવે હક નહીં કરું.

આંસુ નથી જે આંખમાં એમાં ડૂબી ગયો,
બચવા જરાય કોશિશ નાહક નહીં કરું.

તાળાંકૂંચીમાં વિશ્વને મૂકી દીધું હો ત્યાં,
એને હવે જરાય વિનાશક નહીં કરું.

વિશ્વાસનો આ દોર થયો માંડ હો શરુ,
તેને હવે હું બંધ અચાનક નહીં કરું.

મારા વગર હું જીવી શકું એકલો અગર,
તો પાસ તું હો, એમ હું નાટક નહીં કરું.

શોધે છતાં હું લોકને જડતો નથી હવે,
ઈશ્વર ગણી લે કોઈ તો રકઝક નહીં કરું.

સામે હું હોઉં ને એ તને જો બતાવી દે,
દર્પણ ઉપર હું તેથી કદી શક નહીં કરું.

એકલપણાથી આમ ઠસોઠસ થવામાં હો,
ત્યાં ખાલીખાલી હું તને ભરચક નહીં કરું.

રવીન્દ્ર પારેખ – 93779 39123

હો ભલેને ક્ષણજીવી, આંખે તો ચડવું જોઈએ,
હોય ઝાકળ તો ફૂલો પર એ ટપકવું જોઈએ.

કાગદી ફૂલોય અત્તરથી મહેકતાં હોય ત્યાં,
જે ખીલે છે ડાળ પર,એણે પમરવું જોઈએ.

આભ હો કે આંખ, ભીનાં હોય કે ના હોય પણ,
બેઉ કોરાં હો છતાં સ્નેહે વરસવું જોઈએ.

તેજ દીવાએ કે હૈયાએ પ્રગટ કરવાં બધે,
બેઉએ અંધારમાં ચૂપચાપ બળવું જોઈએ.

માત્ર હૈયાથી હમેશાં જીવવું બનતું નથી,
એક હૈયાએ બીજે હૈયે ધબકવું જોઈએ.

ગર્વનું એવું ગમે ત્યારે એ માથું ઊંચકે,
હો ભલેને સૂર્ય એ,એણેય ઢળવું જોઈએ.

હો દિશાઓ ભીંત,ઘરની,કોઈને વાંધો નથી,
પણ હવા આવે તો બારીએ ખખડવું જોઈએ.

કે સ્મરણ ના હોત તો માણસ મરણ ના પામતે,
જિંદગીમાંથી સ્મરણને દૂર કરવું જોઈએ.

રવીન્દ્ર પારેખ – 93779 39123

ખરાની વચાળે એ ખોટાથી થાક્યો,
સગાંઓ કરે છે એ ધોખાથી થાક્યો.

ગજબ છે જગતમાં બધી લોક-રીતો,
પળોપળ મગાતા પુરાવાથી થાક્યો.

સમય એવો આવે ન, કે'વું પડે કે,
તમારા બધાના દિલાસાથી થાક્યો.*

ભલેને થયો લીમડો સાવ કડવો,
છતાં કોઈ એની એ છાંયાથી થાક્યો?

હશે ભેદ 'સાગર' ના પેટાળમાંયે,
છતાંયે કદી' ક્યાં કિનારાથી થાક્યો?

'સાગર' રામોલિયા
જામનગર – ૯૯૯૮૯ ૭૧૮૨૩

નાત અલગારી કરી ખુદને જ મળવું જોઈએ,
જો મળે અવસર કદી, બીબામાં ઢળવું જોઈએ.

હાથતાળી દઈ છળી ગઈ, જિંદગી પલવારમાં,
હું હવે આગળ વધું કે, બસ કકળવું જોઈએ?

મોકલ્યો છે શ્વેત કાગળ મેં  ઝબોળી આંસુમાં,
કાશ ! એનાં સ્પર્શથી ભીતર પલળવું જોઈએ.

કાળના મારણથી તારા શ્વાસ ઉકળાવીશ ના,
છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ.*

તેં ઘણાં કિરદાર ભજવ્યા આંસુ સારીને "કસક"!
જો હશે સચ્ચાઈ, એનું મન પિગળવું જોઈએ.

સંદિપ પટેલ ‘કસક’
ઈડર – 94297 45229

મીણ જેવી જિંદગી છે, રોજ ગળવું જોઈએ.
જાત ચૂલા પર ધરી છે, તો ઉકળવું જોઇએ.

કાચનો છે આયનો, શું સાચનાં બિંબો મળે?
ભીતરે જે આયનો છે, ત્યાં જ મળવું જોઈએ.

કોણ કહે છે કે, પલળવા સ્પર્શ સરવર જોઈએ?
નેહથી તાકે સનમ તો, મન પલળવું જોઇએ.

હોઠ મલકે છે મજાથી, આંખ અવઢવમાં રહે,
ચાલવા દઇશું અભિનય, કે નિગળવું જોઇએ?

'હું સુખી છું ' અેમ સો -સો વાર રટજે ઠાઠથી,
મ્હાત દર્દોને કરી, વાસ્તવ શું છળવું જોઇએ?

આપ ઇશ તું, મોત અેવું, જિંદગી કૌતુક કરે,
સાંજ માનીતી મળે તો, ત્યાં જ ઢળવું જોઈએ!

રંકની તો ભૂખ પણ ,સગડી કને લાચાર છે,
છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ.*

સંગીતા સુનિલ ચૌહાણ "તપસ્યા"
સુરત - ૬૩૫૬૩ ૮૧૫૫૧

વ્યથાઓ હ્રદયનાં પિટારે ચઢી છે,
કથાઓ પ્રથાની ય ધ્રૂસ્કે ચઢી છે.

દિવસ રાત ઝૂલો, સદા ચાલવા દે,
વિરહની વ્યથા શું, મિનારે ચઢી છે!

સદાથી પરમનો ભરોસો હું રાખું,
નયનની પલક પણ, સિતારે ચઢી છે.

બધે થાય હડધૂત, ચાહત અમારી ,
વફા ઠેકડી થઇ, ધખારે ચઢી છે!

ઉદાસી અમારી, બધાં ગણગણે છે,
જુઓ, વેદના પણ નિખારે ચઢી છે!

પ્રણયની બધી પળ, વિસારે પડી છે,
તમારા વિના સાંજ, ડૂસ્કે ચઢી છે!*

સંગીતા સુનિલ ચૌહાણ "તપસ્યા"
63563 81551

બારણાં ડૂસકાં ભરે વરસાદમાં*
પ્રેમ એમજ પાંગરે વરસાદમાં

જીવતર જેવુ હવે છે ક્યાં રહ્યું
જીંદગી આ તરવરે વરસાદમાં

યાદ ક્યારે મે નથી એને કરી
બસ મને એ સાંભરે વરસાદમાં

મેઘ વાદળ ને થઈ જ્યાં વીજળી
આભ આખું ઝરમરે વરસાદમાં

નીર ફેલાયું હવે છે ચો તરફ
ખેત સઘળા ઊગરે વરસાદમાં

સંજય બોસમિયા
સુરત – ૯૯૧૩૦ ૦૯૯૧૪

કલમ, થૈને તલવાર યુદ્ધે ચઢી છે;
લઈ જાત ઝાકળની તડકે ચઢી છે.

છબી, જ્યારથી એક ભીંતે ચઢી છે;
દીવાલો બધી રોજ હીબ્કે ચઢી છે.

બધુંયે ફગાવી અહીંથી ગયા છો,
તમારા વિના સાંજ ડૂસ્કે ચઢી છે.*

અમે ઝળઝળિયાં જો આંખોમાં આંજયાં,
અને પાંપણો આ રિસાવે ચઢી છે.

ચઢી છે, પડી છે, ચઢીને પડી છે;
છતાં એક કીડી દીવાલે ચઢી છે.

વસિયત શબદની જરા જો મળી તો,
કલમ સાતમાં આસમાને ચઢી છે.

સપન પાઠક
98983 24341

દલીલો બધી આજ તડકે ચઢી છે,
સમસ્યા અધૂરી જ ખીલે ચઢી છે.

રટણમાં હવે ગીત કોઈ ન આવે,
ગઝલ બસ તમારી જ હોઠે ચઢી છે.

મિલનની અપેક્ષા ફળે ત્યાં સુધીમાં,
વિરહની સવારી તો રસ્તે ચઢી છે.

જુવોને ઉદાસી ઉભી બારણામાં,
તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે.*

સગાંને સમય પર મદદમાં ન આવે,
પ્રતિષ્ઠા નકામી જે ભીંતે ચઢી છે.

ડૉ. સેજલ દેસાઈ
સુરત – 9426776673

છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઇએ*
ને કલમથી આગ માફક એ નીકળવું જોઈએ

લો હું તો વાદળ ની માફક બસ વરસ્યા જ કરું
છે શરત એ કે તમારે પણ પલળવું જોઈએ

હું તને પથ્થર ગણવાનું પછી છોડી દઉં
પ્રભુ બની તારે મને ક્યારેક ફળવું જોઈએ

નીકળી આવે સમસ્યાના ઉકેલો શક્ય છે
છો અબોલા હોય, વારંવાર મળવું જોઈએ

આ હદે અતડા રહેશો ક્યાં સુધી કહો શરદ
ગર્વ સૌ છોડી તમારે સૌ માં ભળવું જોઈએ

શરદ કે. ત્રિવેદી
પાલનપુર – 99042 31900

લતાઓ પ્રણયની સૌ ભીંતે ચઢી છે;
તમારા વિના સાંજ ડૂસ્કે ચઢી છે.*

તું જ બસ તું જ છે ખયાલોમાં મારા;
આ હૈયાની વાતો જ હોઠે ચઢી છે.

તમારા નગરમાં પડ્યો હું ય ભૂલો;
ને આ લાગણી પણ જો ઠેબે ચઢી છે.

એ મરવાની થઈ છે, હું સાચું કહું છું;
બરફની નદી છે ને તડકે ચઢી છે.

આ કાગળ ની સાથે શબદ પણ રડે છે;
કલમ પણ હવે તો જો હીબ્કે ચઢી છે.

શરદ કે.ત્રિવેદી
પાલનપુર – 99042 31900

યાદ તોરણ ફરફરે વરસાદમાં.
બારણું ડૂસ્કા ભરે વરસાદમાં.*

મન લતાએ ઝૂલતા થ્યા' સ્નેહ જળ
આંગણું ઝરમર ઝરે વરસાદમાં.

હરપળે સાજન વસે છે આંખમાં
થઇ છબી એ તરવરે વરસાદમાં.

હો મિલન પ્યારુ ઘણું આ રૂતમાં
ને વિરહી તડપી મરે વરસાદમાં.

રાગ મનના કેમ રે આલાપવા ?
તંગ કમખે લૂ ઝરે વરસાદમાં.

ધોધમારે તું વરસ, પલળાવને !
નાવડી થઇ દિલ તરે વરસાદમાં.

શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર
"શબ્દકલરવ"
સુરત – 8460155260

તમારાં વિના સાંજ ડૂસ્કે ચઢી છે.*
ઉદાસી સજીને મજારે ચઢી છે.

નજરને અમારીજ લાગી નજર છે.
તમોને સમાવી મિલાપે ચઢી છે.

ન વાદે વિવાદે, ન જાણે, અજાણે,
બધી લાગણીઓજ વાંકે ચઢી છે.

તરાપો સ્મરણનો નયનમાં ફરે છે.
નજર આંસુઓના રવાડે ચઢી છે.

વહે ના વહે રકત શું ફર્ક પડશે ?
અહીં જીંદગી તો ખરાબે ચઢી છે.

મદીરા, મદીના મને એક લાગે,
મહેબૂબની ચાહ માથે ચઢી છે.

શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર
"શબ્દકલરવ"
સુરત – 8460155260

કહું કેમ ? જૂઠા સહારાથી થાક્યો.
તમારાં બધાનાં દિલાસાથી થાક્યો.*

ન દેખાય એવા તમાશાથી થાક્યો.
નશીબે લટકતાં તમંચાથી થાક્યો.

છુપા તીરથી જે કરે વાર નિશદિન
નિરંતર કશાતા સકંજાથી થાક્યો.

વહે ના અવિરત નદી સ્નેહ કાંઠે
અહમના અલગ બેવ ફાંટાથી થાક્યો.

જુઓ ભેળવે ઝેર ભોળા બનીને
સરળ લાગણીના ભવાડાથી થાક્યો.

ન સમજી શકાયું ગણિત સ્નેહ કેરું
સગા સ્વાર્થના સૌ, પુરાવાથી થાક્યો.

શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર
"શબ્દકલરવ"
સુરત – 8460155260

છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઈએ.*
પ્રેમ ભીતરમાં વહે તો દિલ પલળવું જોઈએ.

જે નયન શમણાં સજે છે ઊડવાને આભમાં.
હાથપગ ને દિલ દિમાગે, એજ કળવું જોઈએ.

સાવ પોકળ મન હશે જો સ્વાર્થના સગપણ મહીં
રાખવું ના આશ કે સંબંધ ફળવું જોઈએ.

છીછરા તળની નથી કો' વાત જીવન સાગરે,
સ્નેહ ઢાળે તો સહજતાથી જ ઢળવું જોઈએ.

સૌ અહીં રાખે હિસાબો જીંદગીભર કામના,
આપણાં કર્મો તણો પણ તાગ મળવું જોઈએ.

શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર
સુરત – 84601 55260

બારણું ડૂસ્કાં ભરે વરસાદમાં.
પાંપણો મોતી ઝરે વરસાદમાં.

બિંદુઓ કોના છે એ ના કહી શકો,
એકસાથે જે ખરે વરસાદમાં.

પ્રેમના વાદળ છવાયા જ્યારથી,
વેદના ખોબો ભરે વરસાદમાં.

નાવડી મારી મજાની ડૂબતી,
કેમ આવું તું કરે વરસાદમાં?

અંતમાં તો કંઈજ નક્કી ના થયું,
કોણ કોને છેતરે વરસાદમાં.

આંગળી એમજ નથી ફરતી હવે,
એ ગઝલ પણ ચીતરે વરસાદમાં.

'શિલ્પ' છે બેજાન એમાં પ્રાણ પુર,
તો પ્રભુ પણ વિસ્તરે વરસાદમાં.

શિલ્પા શેઠ "શિલ્પ"
મુંબઈ – 98218 94654

મયૂર મલ્હાર ગાયે વરસાદમાં
ભીંજાય તન મન વરસાદમાં

ટહુકાનો શોધી લાવે પ્રણય વરસાદમાં
રાધા દોડી આવે કાનહાના એક સાદમાં

ખળખળ વહેતા વહેણ બોલે વરસાદમાં
હૈયા ના રાજ એવા ખોલે વરસાદમાં

ધ્વનિ સંભળાય તારી લાગણીનો વરસાદમાં
વિરહ દરિયામાં હલેસાંય વરસાદમાં

ખીલે પાન ને કુંપળ ડાળ ફુલ વરસાદમાં
ખીલયો પહેલો પ્રણય તુ જ થી વરસાદમાં

શોભના કાકડિયા
સુરત – 96014 52887

એક કાગળ કરગરે વરસાદમાં
ક્યાંક તો હોડી તરે વરસાદમાં

વેદનાઓ એમ જાણે દૂર થઈ
ડાળથી પર્ણો ખરે વરસાદમાં

યાદ કોઈ આવતા બળતું હ્રદય
આંખને ધોયા કરે વરસાદમાં

સૌ વ્યથાઓ હોઠથી મૂંગી બની
ભીતરે બબડ્યા કરે વરસાદમાં

વીજળીના તેજથી અંજાઈને
આંખ વાદળની ઝરે વરસાદમાં

પ્રિયજનના ટેરવાના સ્પર્શ વિણ
બારણું ડૂસ્કાં ભરે વરસાદમાં

સુષમ પોળ
સુરત – ૯૩૭૪૨ ૭૨૪૦૦

ટોડલા ઝૂર્યા કરે વરસાદમાં,
બારણું ડૂસ્કાં ભરે વરસાદમાં.*

જ્યાં સમયની ઘુઘરી રણક્યા કરે,
ગોંદરો એ સાંભરે વરસાદમાં.

વાંસવનમાં વાંસળી વાગી રહી,
મોરપિચ્છું ફરફરે વરસાદમાં.

કેમ હું પ્હોંચી શકું તારે નગર ?
આંસુની કેડી તરે વરસાદમાં.

આંગણેથી એ વળી ચાલ્યાં ગયાં,
આવશે પાછાં ઘરે વરસાદમાં ?

તનસુખ શાહ 'સ્વપ્નિલ'
99793 45866

પ્રેમથી લોકોએ લોકો સાથે ભળવું જોઈએ;
દંભ ભીતર રાખી કોઈ દિ' ના છળવું જોઈએ.

શ્વાસને સાર્થક અહીં સાચે જ કરવા હોય તો;
મીણબત્તી જેમ ભીતરથી પીગળવું જોઈએ.

જિંદગાનીમાં સ્વયંને જાણવું જો હોય તો;
મોહમાયાનાં નગરમાંથી નીકળવું જોઈએ.

તારા દિલને ઠેસ પહોંચાડે છે દુશ્મન જોઈને;
છે રગોમાં લોહી તો લોહી ઊકળવું જોઈએ.*

દીનજન કેવી રીતે જીવન વિતાવે જાણવા!
એમના ઘરમાં જઈને સહેજ મળવું જોઈએ.

આપણા ભાગે ભલેને વખ મળ્યું 'ધબકાર'
પણ;
આપણે હિંમત કરીને એને ગળવું જોઈએ.

ઉમેશ તામસે 'ધબકાર',
વ્યારા (તાપી) ૯૬૩૮૬ ૯૯૫૫૩

કોક'દિ  એકાંતમાં ખાલી રઝળવું  જોઇએ.
ને કદી પોતેજ પોતાનેય મળવું જોઇએ.

માણસાઇ નામનો જે ધર્મ ઢળતો જાય છે ,
છે રગોમાં લોહી તો લોહી ઉકળવું જોઇએ.*

લાગણીભીના પડે જો શબ્દ કાને કોઇના,
તો હ્રદય પણ આપણું બેશક પલળવું જોઇએ.

સૂર્ય સાથે રોજ આશાનાં કિરણ ઉગતા રહે ,
સાંજ સાથે રોજનાં એક દુ:ખ ઢળવું જોઇએ.

તોજ અજવાળી રહે "ઉરુ" રાત કાયમ
આપણી,
રોજ રાતે એટલે એક સ્વપ્ન બળવું જોઇએ.

ઉર્વી પંચાલ "ઉરુ"
નવસારી – 98799 61267

તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે*
નદી યાદની જ્યાં તરાપે ચઢી છે.

થયાં શ્વાસ પીળાં, અધૂરાં અજંપા
ઉદાસી જીવનના ઝરૂખે ચઢી છે.

હવે આયખું હાય! સચવાય કેમે ?
અમરવેલ જેના સહારે ચઢી છે.

વમળમાં ફસાયો, ગજેન્દ્ર પુકારે
ભુલાયેલ શ્રધ્ધા વહારે ચઢી છે.

ચલો આજ 'ચાતક' તૃષા ના બુઝાશે
ફકત ધૂળ,ડમરી વિતાને ચઢી છે.

વિનોદ માણેક 'ચાતક'
અંજાર-કચ્છ – ૯૪૨૮૦૮૦૫૯૬

લાગણી ભીની ખરે વરસાદમાં;
આંખ એ ખાલી કરે વરસાદમાં.

રાહ જોતા મૂઢ એ કાયા બની;
આશ કેવી તરવરે વરસાદમાં!

સાથ છોડી સાવ પડ્યાં એકલા;
પ્રીત ઝીણી સાંભરે વરસાદમાં.

યાદ આવે જેમ ડૂમો તે ભરે;
બારણું ડૂસકાં ભરે વરસાદમાં.*

માણવાને સાથ તારો રંગમાં;
સૂનું મનડું કરગરે વરસાદમાં.

વિરલ 'તપસ્વી'
નવસારી- ૭૬૦૦૯ ૪૦૬૮૯

દારોમદાર રાખું ખુદા શક નહીં કરું,
કિસ્મત તણાં કમાડને દસ્તક નહીં કરું:

શું એમ કંઈ ત્વચાની કરચલી મટી શકે?
દેખાવનો લગાવ હું નાહક નહીં કરું:

હું ક્યાં કહું છું દુ:ખમાં ખભે હાથ મૂકજો,
છે લાગણીની વાત તો રકઝક નહીં કરું:

મુખપૃષ્ઠ પર ભલે છબી મારી જ લાગશે,
વર્ણનમાં તારું પારકું પુસ્તક નહીં કરું:

તારા દગાની જાદુગરી છે કમાલની
હું પણ કરી શકું એ સ્વહસ્તક નહીં કરું.

યોગેશ ટેલર
કનકપુર-સચિન, સુરત - ૯૫૫૮૨ ૯૪૮૮૨